નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date 23 DECEMBER 2024 I MONDAY I Page :8 I Year : 2 I Issue :223 I Price: 2/-



ગુજરાતમાં ધુમ્મસનું સામ્રાજ્ય, વાદળછાયું વાતાવરણ

જુઓ પેજ નં.૮




# ભારતીયો સહિત ૧૪૦૦ની જાસૂસી: પેગાસસની કંપની દોષિત

ન્યૂયોર્ક/નવી દિલ્હીઃ દુનિયાભરમાં અનેક દેશોના વડા, વિપક્ષના નેતાઓ, પત્રકારો, ન્યાયાધીશો, એક્ટિવિસ્ટ સહિત ૧૪૦૦થી વધુ લોકોની જાસૂસીના મુદ્દે હોબાળો મચાવનાર પેગાસસનો જિન્ન ફરી એક વખત બહાર આવ્યો છે. અમેરિકાના કેલિફોર્નિયામાં ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ ફિલિસ હેમિલ્ટને એનએસઓ ગ્રૂપને પેગાસસ સ્પાયવેર મારફત ૩૦૦થી વધુ ભારતીયો સહિત ૧૪૦૦ વોટ્સએપ યુઝર્સની જાસૂસી કરવા બદલ દોષિત ઠેરવી છે. આ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે ઈઝરાયેલની કંપની વિરુદ્ધ કાયદાકીય જીત મેળવી છે. દરમિયાન પેગાસસ મુદ્દે ઈઝરાયેલની કંપની એનએસઓ ગ્રૂપ સામે ભારતની સુપ્રીમ કોર્ટમાં પણ કેસ ચાલી રહ્યો છે ત્યારે અમેરિકન કોર્ટના ચૂકાદાની ભારતમાં અસર થવાની શક્યતા છે.

# ઈઝરાયેલનો ગાઝા પર હુમલો પાંચ બાળકો સહિત ૨૨નાં મોત

### વેટિકનના દૂતે ગાઝાના ખ્રિસ્તી વિસ્તારોની મુલાકાત લઈ નાતાલ પૂર્વે પ્રાર્થના સભા યોજી



દીર અલ બલા (ગાઝા પટ્ટી) : ગાઝા પટ્ટીમાં રવિવારે ઈઝરાયેલના હુમલામાં પાંચ બાળકો સહિત ૨૨ લોકોનાં મોત થયા છે તેમ પેલેસ્ટાઈનના મેડિકલ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. બીજી તરફ ઈઝરાયેલ અધિકારીઓએ કેથોલિક ચર્ચના પાદરી કાર્ડિનલ પિયરબટિસ્ટા પિઝ્ઝાબલ્લાને ગાઝામાં પ્રવેશ કરી અને ક્ષેત્રના ખ્રિસ્તી સમુદાયના સભ્યો સાથે નાતાલ પૂર્વે પ્રાર્થના સભા આયોજિત કરવાની મંજૂરી આપી હતી. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ગાઝા શહેરમાં વિસ્થાપિતોને આશ્રર્ય આપતી એક શાળા પર કરવામાં આવેલા હુમલામાં ત્રણ બાળકો સહિત આઠ લોકોનાં મોત થયા છે.ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે તેણે ત્યાં શરણ લીધેલા હમાસના આતંકવાદીઓને નિશાન બનાવ્યા છે. અલ અક્સા શહીદ હોસ્પિટલના જણાવ્યા અનુસાર શનિવાર મોડી રાતે દીર અલ બલામાં એક મકાન પર કરવામાં આવેલા હુમલામાં ત્રણ મહિલાઓ અને બે બાળકો સહિત આઠ લોકોનાં મોત થયા છે.

# અમિત શાહના રાજીનામા માટે કોંગ્રેસ અભિયાન ચલાવશે

### સંસદમાં આંબેડકર અંગેના ગૃહમંત્રીના નિવેદનનો મામલોઃ ભાજપે પણ જવાબી તૈયારીઓ શરૂ કરી



## ૨૬ જાન્યુઆરી સુધી દેશભરમાં પ્રદર્શન થશે

કોંગ્રેસ પાર્ટી ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગણી સાથે આગામી ૨૬ જાન્યુઆરી સુધી દેશભરમાં અભિયાન ચલાવશે. ૨૨ અને ૨૩ ડિસેમ્બરે કોંગ્રેસના નેતાઓ ૧૫૦થી વધુ શહેરોમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. ૨૭મી ડિસેમ્બરે કર્ણાટકના બેલગાવીમાં પાર્ટીની એક મોટી રેલી થશે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે રવિવારે કહ્યું હતું કે ‘‘સંસદ સત્રમાં બંધારણ પર ચર્ચા દરમિયાન અમિત શાહે તેમના ભાષણમાં બાબા સાહેબનું અપમાન કર્યું છે. શાહના નિવેદનથી દરેકને દુઃખ થયું છે. હજુ સુધી ન તો અમિત શાહ કે ન તો વડાપ્રધાને આ મામલે માફી માંગનાવો પ્રયાસ કર્યો નથી. કોંગ્રેસ આ મુદ્દાને ગણતંત્ર દિવસ એટલે કે ૨૬મી જાન્યુઆરી સુધી દેશભરમાં ઉઠાવશે.

કોંગ્રેસના નેતા પવન ખેડાએ પણ માહિતી આપી હતી કે લોકસભા અને રાજ્યસભાના કોંગ્રેસના સાંસદો ઈંઈ સભ્યો સાથે દેશભરના ૧૫૦ જુદા જુદા શહેરોમાં પ્રેસ કોન્ફરન્સ કરશે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરશે.

કોંગ્રેસનું પ્રદર્શન મામલે ભાજપે પણ વિપક્ષને જવાબ આપવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીએ તેના મોરચાને તમામ વિધાનસભા બેઠકો પર જવાબી અભિયાનની યોજના બનાવવા કહ્યું છે. યુપી બીજેપી એસસી/એસટી મોરચાના અધ્યક્ષ રામ ચંદ્ર કનૌજિયાએ પુષ્ટિ કરી કે પાર્ટી પાયાના સ્તરે વિપક્ષને ખુલ્લો પાડવા માટે અભિયાન શરૂ કરશે. તેમણે કહ્યું ‘‘પક્ષ દલિત વિરોધી સૂત્રોચ્ચાર અને વિરોધ પક્ષો હેઠળની અગાઉની સરકારો દ્વારા લેવામાં આવેલા પગલાઓને પ્રકાશિત કરશે.‘‘

તેમણે કહ્યું કે આ મહિનાના એન્ડમાં યોજાનારી સંગઠનાત્મક ચૂંટણી પછી તરત જ આ અભિયાન શરૂ થશે. તેમણે કહ્યું કે મોરચાના જિલ્લા એકમોને દલિત પ્રભાવિત ગામોમાં જઈને ભાજપ સરકાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં શરૂ કરવામાં આવેલી યોજનાઓને લોકો સુધી લઈ જવા માટે કહેવામાં આવ્યું છે.

શાહે આંબેડકર વિવાદ પર સ્પષ્ટતા આપી છે

આંબેડકર પર આપેલા નિવેદન પર અમિત શાહે સ્પષ્ટીકરણ આપ્યું છે. તેમણે ૧૮ ડિસેમ્બરે કહ્યું હતું કે, ’સંસદમાં વાતચીત તથ્યો અને સત્ય પર આધારિત હોવી જોઈએ. ભાજપના સભ્યોએ પણ આવું જ કર્યું. જ્યારે કોંગ્રેસ આંબેડકર વિરોધી પાર્ટી છે, અનામત વિરોધી છે, બંધારણ વિરોધી હોવાનું સાબિત થયું ત્યારે કોંગ્રેસે પોતાની જૂની રણનીતિ અપનાવી અને નિવેદનોને તોડી-મરોડીને રજુ કરવાના શરૂ કર્યા.

શાહે કહ્યું હતું કે ખડગેજી રાજીનામું માંગી રહ્યા છે, તેમને ખુશી થઈ રહી છે તેથી કદાચ હું આપી દઉ પણ તેનાથી તેમને કોઈ ફાયદો થશે નહીં. તેમણે આગામી ૧૫ વર્ષ સુધી જ્યાં છે ત્યાં જ બેસી રહેવું પડશે, મારા રાજીનામાથી તેમનું કામ નહીં થાય.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# યુરોપના દેશો અમેરિકા પર નિર્ભર નથી



યુરોપીયન યુનિયનના દેશો અમેરિકા પર નિર્ભર નથી કેમ કે સાયન્સ અને ટેકનોલોજીમાં આ દેશો અમેરિકા કરતાં ઘણા આગળ છે અને લક્ઝુરીયસ ગુડ્ઝમાં તો તેમની મોનોપોલી છે. યુરોપના દેશોમાં વસતી ઓછી હોવાથી સર્વિસ સેક્ટરમાં અમેરિકા સહિતના બીજા દેશો પર નિર્ભર છે પણ ઉત્પાદનમાં અમેરિકાથી ઘણા આગળ છે. યુરોપના દેશો દુનિયાના બીજા દેશોને જે માલ આપે છે તેમાં મોટો હિસ્સો મશીનરી અને ફાર્માસ્યુટિકલ્સ પ્રોડક્ટ્સનો છે. ન્યુક્લીયર રીએક્ટર્સથી માંડીને બોઈલર્સ ને કારથી માંડીને કાર એસેસરીઝ સુધીનાં ઉત્પાદનોમાં યુરોપના દેશો જેવી ક્વોલિટી બીજ કોઈ દેશની નથ તેથી બધાંએ જખ મારીને ખરીદવું જ પડે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે ચૂંટાયા પછી રોજ કોઈક ને કોઈકને ધમકી આપ્યા કરે છે. ટ્રમ્પે બે દિવસ પહેલાં જ ભારતને ટેરિફની ધમકી આપીને કહેલું કે, ભારત અમેરિકાના માલ પરની ડયુટી નહીં ઘટાડે તો અમે ભારત જેટલી જ ડયુટી તેમના માલ પર નાંખીશું. એ પહેલાં તેમણે ચીનના માલ પર ૬૦ ટકા ડયુટી નાંખવાની ધમકી આપેલી. કેનેડા, મેક્સિકો, બ્રાઝિલના માલ પર ૨૫ ટકા ડયુટી લાદવાની ધમકી પણ આપી ચૂક્યા છે. અમેરિકામાં રહેતા વિદેશીઓને તગેડી મૂકવાની ને જેલમાં ધકેલી દેવાની ધમકી તો ટ્રમ્પ આંતરા દાડે આપે છે.

ટ્રમ્પને અમેરિકાના પ્રમુખ બનવાને મહિના કરતાં પણ ઓછો સમય બાકી છે ત્યારે ટ્રમ્પે હવે યુરોપીયન યુનિયનનો વારો કાઢયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયનને ધમકી આપી છે કે, તેના સભ્ય દેશો અમેરિકા પાસેથી વધારે ઓઈલ અને ગેસની ખરીદી નહીં કરે તો યુરોપીયન યુનિયનના દેશોની નિકાસ પર વધારાનો કર લાદવામાં આવશે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર લખ્યું છે કે, અમેરિકા અને યુરોપીયન યુનિયનના વેપારમાં ૨૦૨૩માં ૨૦૮.૭ અબજ ડોલરની ખાધ હતી એ અમેરિકાને સ્વીકાર્ય નથી.

આ ખાધ પૂરી કરવા માટે યુરોપીયન યુનિયનના દેશોએ અમેરિકા પાસેથી વધારે ઓઈલ ને ગેસ ખરીદવાં પડશે, બાકી પછી ટેરિફ માટે તૈયાર રહેવું પડશે.

અમેરિકાના આર્થિક નિષ્ણાતો એક તરફ ટ્રમ્પની ધમકીઓને હાસ્યાસ્પદ ગણાવી રહ્યા છે તો બીજી તરફ અમેરિકા માટે ઘાતક પણ માની રહ્યા છે. તેમનું માનવું છે કે, અમેરિકા દાદાગીરી કરીને કઈ પણ દેશને પોતાનું ધાર્યું કરવાની ફરજ પાડતું એ દિવસો હવે રહ્યા નથી. તેમાં પણ યુરોપીયન યુનિયન તો આર્થિક રીતે અમેરિકાની સમકક્ષ છે તેથી ભારત કે કેનેડાની જેમ યુરોપીયન યુનિયનને દબડાવીને ધાર્યું કરવાની ફરજ પાડી શકાય તેમ જરાય નથી.

ટ્રમ્પની ધમકી એ રીતે હાસ્યાસ્પદ છે કે, અત્યારે યુરોપીયન યુનિયનના દેશોમાં ઓઈલ અને ગેસની અમેરિકાની નિકાસ ટોચ પર છે. રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું પછી એટલે કે ૨૦૨૨થી યુ.એસ.થી યુરોપના દેશોમાં ઓઈલ-ગેસની આયાતમાં નોંધપાત્ર વધારો થયો છે. યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ યુરોપના દેશોએ રશિયન સપ્લાય પર નિર્ભરતા ઘટાડવાનું શરૂ કર્યું અને અમેરિકા પાસેથી વધારે માલ લેવા માંડયા છે.

૨૦૨૨માં યુરોપીયન યુનિયનના દેશોએ તેમની લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી) જરૂરીયાતના લગભગ ૪૭ ટકા અને ક્રૂડ ઓઈલના ૧૭ ટકા અમેરિકા પાસેથી ખરીદ્યાં હતાં. ૨૦૨૩માં અમેરિકાના એલએનજી ઉત્પાદનમાંથી બે તૃતિયાંશ હિસ્સો યુ.કે., ફ્રાન્સ, સ્પેન અને જર્મની સહિતના યુરોપના દેશોમાં ગયો હતો. યુરોપમાં યુએસ ક્રૂડ ઓઈલની નિકાસ હાલમાં ૨૦ લાખબેરલ પ્રતિ દિવસ છે. યુએસ ઓઈલની કુલ ક્રૂડ ઓઈલ નિકાસમાંથી ૫૦ ટકા ક્રૂડ યુરોપના દેશોમાં જાય છે. અત્યારે જે સ્થિતી છે તેમાં હવે અમેરિકા યુરોપીયન યુનિયનને વધારે ક્રૂડ-ગેસ આપી શકે તેમ જ નથી. હવે અમેરિકાએ તેના નિકાસમાં વધારો કરવો હોય તો નવાં એલએનજીબનાવવાં પડે, નવીં રીફાઈનરી બનાવવી પડે. આ બધા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જંગી રોકાણની જરૂર પડે ને એવું રોકાણ કરવું એ મહામૂર્ખામી કહેવાય. દુનિયા અત્યારે રીન્યુએબલ અનર્જી તરફ વળી રહી છે. પેટ્રોલ-ડીઝલ જેવાં ફોસિલ ફ્યુઅલના બદલે સોલર એનર્જી, ઈલેક્ટ્રિકલ બેટરીઝ, હાઈડ્રોજન સેલ સહિતના ફ્યુઅલ ઓપ્શન્સમાં રોકાણ કરવું બહેતર છે

# ભારતીય સૈન્યએ આતંકી પકડ્યો, ભારે માત્રામાં હથિયારો કબજે



ઉત્તર કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષા દળોએ શનિવારે એક સ્થાનિક આતંકવાદીની ધરપકડ કરીને ટાર્ગેટ કિલિંગની ઘટનાને નિષ્ફળ બનાવી હતી. હાલમાં તેની પૂછપરછ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ બાંદીપોરા પોલીસને જાણકારી મળી હતી કે, થોડા દિવસો પહેલા એક સ્થાનિક યુવક આતંકી સંગઠનમાં સક્રિય થયો હતો. તે બાંદીપોરામાં ટાર્ગેટ કિલિંગને અંજામ આપી શકે છે.સૂત્રોએ જણાવ્યા પ્રમાણે પોલીસે સંભવિત ઠેકાણાઓ પર નજર રાખવાનું શરૂ કર્યું છે. બાંદીપોરામાં કેટલાક રસ્તાઓ પર વિશેષ ચોકીઓ પણ લગાવવામાં આવી હતી. સાંજે સાત વાગ્યે નાકા પાર્ટીએ એક યુવકને રસ્તા પર ચાલતો જોયો. નાકા પાર્ટી તેને રોકવાનો સંકેત આપે તે પહેલા જ યુવકે રસ્તો બદલીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેને દોડતો જોઈને નાકા પાર્ટીએ તેનો પીછો કરીને તેને ગોળીબાર કરવાની તક આપ્યા વિના પકડી લીધો હતો. તેની ઓળખ વશિમ અહેમદ મલિક તરીકે થઈ છે. તે ગુંડપોરા રામપોરા બાંદીપોરાનો રહેવાસી છે. તેની પાસેથી એક પિસ્તોલ, એક હેન્ડ ગ્રેનેડ અને ૧૫ કારતુસ મળી આવ્યા હતા.

# બ્રાઝિલમાં ભીષણ અકસ્માત, બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૨૨ લોકોના મોત



બ્રાઝિલમાં એક બસ અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત થયું હોવાની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં ૨૨ લોકોના મોત થયા છે. આ ઉપરાંત ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. મીડિયા અહેવાલ મુજબ અધિકારીઓએ જણાવ્યું કે, શનિવારે (૨૧ ડિસેમ્બર) સવારે દક્ષીણ-પૂર્વ બ્રાઝિલના એક રાજ્ય મિનાસ ગેરૈસમાં એક નેશનલ હાઈવે પર એક મુસાફર બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા ભયંકર અકસ્માત થયો હતો. નોંધનીય છે કે, દુર્ઘટના અંગે જાણ થતાં જ બ્રાઝિલના સ્થાનિક ફાયર બ્રિગેડ વિભાગની ટીમો ઘટનાસ્થળ પર બચાવ કામગીરી કરવા પહોંચી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ભયંકર અકસ્માતમાં ૨૨ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય ૧૩ લોકો ઘાયલ થતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક જાણકારી મુજબ, બસ સાઓ પાઓલોથી ૪૫ મુસાફરોને સવાર કરીને નીકળી હતી. જોકે, અચાનક બસના આગળનો ટાયર ફાટી જતા ડ્રાઈવરે બસ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું.




# દેશના તમામ એરપોર્ટ્સ પર મોંઘી ખાણી-પીણીનો મામલે સરકારનો મહત્ત્વનો નિર્ણય

દેશભરના તમામ એરપોર્ટ્સ પર મોંઘી ખાણી-પીણીનો મામલો ઘણા સમયથી હવાઈ મુસાફરો માટે મુશ્કેલીનું કારણ બન્યું છે. જો કે, હવે તેને લઈને મુસાફરો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. જેમાં આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાંસદ રાઘવ ચડ્ઢાએ આ મુદ્દાને ઉઠાવીને એરપોર્ટ્સ પર મળતી ખાણી-પીણીની મોંઘી વસ્તુઓ મામલો ઉજાગર કર્યો હતો. જ્યારે હવે કેન્દ્ર સરકારે એરપોર્ટ્સ પર સસ્તી કેન્ટીન ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે હવે 'ઉડાન યાત્રી કેફે' ખોલવાની યોજના બનાવવામાં આવી છે. જેની શરૂઆત કોલકાતા એરપોર્ટથી કરાશે, જ્યાં સસ્તી કિંમતે ખાણી-પીણી ઉપલબ્ધ કરવામાં આવશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયએ ઘોષણા કરી છે કે, 'ઉડાન યાત્રી કેફે'ની શરૂઆત કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી કરવામાં આવશે. આ પ્રકારનો પાયલટ પ્રોજેક્ટને એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (અઅઈ)ના અન્ય એરપોર્ટ્સ પર પણ લાગુ કરવામાં આવશે. આ કેફેમાં પાણીની બોટલ, ચા, કોફી અને નાસ્તો વ્યાજબી ભાવે મળે રહેશે, જેનાથી મુસાફરોને ઘણો લાભ થશે. સાંસદ રાઘવ ચડ્ઢાએ આ વાત પર ખુશી વ્યક્ત કરીને આ નિર્ણયને સકારાત્મક પગલું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'અંતે સરકારે સામાન્ય લોકોની હાકલ સાંભળી. ભલેને શરૂઆત કોલકાતા એરપોર્ટથી થઈ, પરંતુ મને આશા છે કે દેશના અન્ય એરપોર્ટ્સ પર આ યોજના લાગુ કરવામાં આવશે. આ પછી હવાઈ મુસાફરી કરનારા આપણા દેશના નાગરિકોને એરપોર્ટ્સ પર પાણી, ચા-કોફી માટે ૧૦૦-૨૫૦ રૂપિયા સુધીનો ખર્ચ કરવો પડશે નહીં. સામાન્ય મુસાફરો માટે આ અસુવિધાજનક છે. સરકારને આ સુનિશ્ચિત કરવું જોઈએ કે મુસાફરોને મહત્તમ કિંમતે યોગ્ય સુવિધા મળે.'રાઘવ ચડ્ઢાએ એરપોર્ટ્સ પર મોંઘી ખાણી-પીણી મુદ્દે સંસદમાં સવાલો ઉઠાવ્યાં છે.

# ડલ્લેવાલની હાલત નાજુકઃ ૨૭ દિવસથી અનશન પર ખેડૂત નેતા

ખનૌરી બોર્ડર પર ન્યૂનતમ સમર્થન મૂલ્યની કાયદાકીય ગેરેંટીની માગ સાથે આમરણ ભૂખ હડતાળ પર બેઠેલા સંયુક્ત કિસાન મોર્ચા (બિન રાજકિય) ના નેતા જગજીત સિંહ ડલ્લેવાલની તબિયત લથડી છે. આજે (૨૨ ડિસેમ્બર) તેમની ભૂખ હડતાળને ૨૭ દિવસ પૂરા થયા છે. હાલ તેમની સાર સંભાળ કિસાન મોર્ચા તરફથી તૈનાત ડોક્ટરની ટીમ કરી રહી છે. આ ઉપરાંત તેમના ડોક્ટરે ખુલાસો કર્યો હતો કે, પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટમાં કોટી રિપોર્ટ રજૂ કરી છે. તબિયત સતત બગડતી જઇ રહી છેડોક્ટરોના જણાવ્યાનુસાર, ડલ્લેવાલની તબિયત સતત બગડતી જ જઇ રહી છે. એક ડોક્ટરે જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકાર તરફથી ખોટી રિપોર્ટ રજૂ કરવામાં આવી છે. આ રિપોર્ટમાં ડલ્લેવાલને સ્વસ્થ બતાવવામાં આવ્યા છે. જોકે, કોઇ બાળક પણ જોઇ સમજી જશે કે જે વ્યક્તિ પાછલા ૨૭ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા છે, તે કઇ રીતે સ્વસ્થ હોઇ શકે છે. ડલ્લેવાલની બ્લડ રિપોર્ટ્સ પણ સમાન્ય બતાવવામાં આવી છે.'

ડોક્ટરે વધુમાં જણાવ્યું કે, 'ડલ્લેવાલની સ્થિતિ એટલી ગંભીર છે કે, તેઓ પોતે ઉભા પણ નહીં થઇ શકતા, તેમને યૂરિન પણ પથારીમાં જ કરાવવામાં આવી રહ્યું છે. સતત ભૂખ્યા રહેવાથી તેમનો બ્લડ પ્રેશર તેમજ તેમના હૃદયના ધબકારા સતત વધી તેમજ ઘટી રહ્યા છે. ભૂખ હડતાળની ખરાબ અસર તેમની કિડની તેમજ લિવપ પણ પડી છે. રાજકારણ તેની જગ્યાએ હોવું જોઇએ, પરંતુ તેના કારણે તમે કોઇના જીવ સાથે ના રમી શકો. સરકારે સ્થિતિ સમજવી જોઇએ, નહીંતર પંજાબ તેના એક મોટા ખેડૂત નેતાને ગુમાવી દેશે. ડલ્લેવાલ અગાઉથી જ કેન્સર પીડિત છે અને હડતાળના લીધે તેમના વજનમાં પણ ભારે ઘટાડો થયો છે.'

આ દરમિયાન સંયુક્ત કિસાન મોરચાએ ખેડૂતો અને મજૂરોને એક મંચ પર એકઠા થવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, 'ખેતીના પ્રશ્નો ઉકેલવા માટે એક થવું જરૂરી છે.' રવિવારે ખેડૂતોએ ફરી એકવાર ખનૌરી બોર્ડર પરથી કેન્દ્ર સરકારને તેમની માંગણીઓ જલ્દી પૂરી કરવાની અપીલ કરી હતી.

# ચૂંટણી નિયમોમાં ફેરફાર એ ઈલેક્શન કમિશનની સ્વતંત્રતા પર હુમલા સમાનઃ મલ્લિકાર્જુન ખડગે

કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ વોટિંગ નિયમોમાં કરવામાં આવેલા ફેરફાર મુદ્દે કોંગ્રેસાધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એનડીએ સરકાર પર પ્રહારો કર્યા છે. તેમજ મોદી સરકારે ચૂંટણી પંચની સ્વતંત્રતા પર હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે સોશિયલ મીડિયા ડ પર પોસ્ટમાં ખડગેએ જણાવ્યું હતું કે, મોદી સરકારે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાને ચૂંટણી પંચની નિમણૂક કરતી પેનલમાંથી દૂર કર્યા હતા. હવે તે ચૂંટણી સંબંધિત માહિતી



પ્રજાથી છુપાવી રહ્યા છે. આ સરકારનું ષડયંત્ર છે. જ્યારે પણ કોંગ્રેસે ચૂંટણી પંચને વોટર લિસ્ટથી દૂર કરવા અને ઈવીએમમાં પારદર્શકતા રાખવા વિશે લખ્યું છે કે, ત્યારે ચૂંટણી પંચે અપમાનજનક ભાષામાં જવાબ આપ્યો છે અને અમારી ફરિયાદો પણ સ્વીકારી નથી.

કેન્દ્ર સરકારે ૨૦ ડિસેમ્બરે ચૂંટણી નિયમોમાં ઈલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ્સને જાહેર કરવા પર પ્રતિબંધો મૂક્યા છે. જેમાં મતદાન મથકના સીસીટીવી, વેબકાસ્ટિંગ ફુટેજ અને ઉમેદવારોને વીડિયો રેકોર્ડિંગ કરવા પર પ્રતિબંધ મૂક્યા છે. એઆઈની મદદથી મતદાન મથકના સીસીટીવી ફુટેજ સાથે છેડછાડ કરી બનાવટી દ્રશ્ય વાયરલ ન કરવામાં આવે તે હેતુ સાથે કેન્દ્ર સરકારે આ નિયમો લાગુ કર્યા છે.

ચૂંટણી પંચ (ઊઇ)ની ભલામણ પર, કાયદા મંત્રાલયે ચૂંટણીના આચાર-વિચાર નિયમો-૧૯૬૧ના નિયમ ૯૩(૨)(અ)માં ફેરફાર કર્યો છે. નિયમ ૯૩ કહે છે- ''ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો સાર્વજનિક રીતે ઉપલબ્ધ રહેશે.'' તેને બદલીને ''ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો સાર્વજનિક રૂપે 'નિયમો મુજબ' ઉપલબ્ધ રહેશે'' કરવામાં આવ્યો છે.પંજાબ-હરિયાણા હાઈકોર્ટે એક કેસમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી સંબંધિત દસ્તાવેજો અરજદાર સાથે શેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમાં નિયમ ૯૩(૨) હેઠળ સીસીટીવી ફૂટેજની પણ વિચારણા કરવામાં આવી હતી. જો કે ચૂંટણી પંચે કહ્યું હતું કે આ નિયમમાં ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સામેલ નથી.

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Dt.23/12/2024 MONDAY 

# પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં ચેમ્બરનાં પ્રતિનિધિને કલેકટરે એન્ટ્રી ન આપતા હોબાળો!

## ગત બેઠકમાં જ જુંજાએ સડેલા અનાજ અંગે રજૂઆત કરી હતી! આજે પણ અનાજનો પ્રશ્ન ઉઠાવાતા કલેકટર ઉકળી ગયા?

રાજકોટ,તા.૨૧

આજરોજ કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર પ્રભવ.જોશીની અધ્યક્ષતામાં મળેલી પૂરવઠા સલાહકાર સમિતિની બેઠકમાં હાજરી આપવા આવેલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ રાજુ-જુંજાને કલેકટરે કાઢી મુકતા ભારે હોબાળો મચી ગયો છે. આ બેઠકમાં હાજરી આપવા આવેલા રાજુભાઈ જુંજાને જિલ્લા કલેકટરે બહાર કાઢી અને ચેમ્બરનાં પ્રમુખને હાજરી આપવા જણાવતા ચેમ્બરના પ્રતિનિધિ અને જિલ્લા કલેકટર વચ્ચે તણખાઝરી ગયા હતા.

ચેમ્બર પ્રતિનિધિ જુંજાએ જણાવેલ હતું કે, અન્ય સંસ્થાઓની જેમ તે પણ ચેમ્બરનાં પ્રતિનિધિ તરીકે હાજરી આપી શકે છે.મને બેઠકમાં એન્ટ્રી ન આપી કલેકટરે ચેમ્બરનું અપમાન કર્યુ છે.આ પક્ષે રાજુ જુંજાએ ચેમ્બર પ્રમુખ વી.પી.વૈષ્ણવને જાણ કરતા તેઓએ પણ આ પ્રશ્ને કલેકટરને મળી રજુઆત કરનાર હોવાનું જણાવેલ હતું.

અત્રે ઉલ્લેખનિય છે કે, ૧૬ નવેમ્બરના



રોજ રાજકોટ કલેકટર ઓફિસ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી, જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ રાજુ જુંજા અને રાજ્યસભાના સાંસદ રામ મોકરીયા દ્વારા હલકી ગુણવત્તાનું અનાજ લઈને પહોંચ્યા હતા. ત્યારબાદ સમગ્ર મામલો ખૂબ જ ગરમાયો હતો અને ગાંધીનગરથી પુરવઠા વિભાગની ટીમ પણ તપાસ માટે આવી પહોંચી હતી. ત્યારે આજે ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ રાજુ જુંજાને પુરવઠા સલાહકારની બેઠક મળી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ રાજુ જુંજાને આ બેઠકમાં ન અપાઈ એન્ટ્રી આજે કલેકટર ઓફિસ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠકમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ રાજુ જુંજાને બેઠકમાં એન્ટ્રી ન આપતા વિવાદ સર્જાયો હતો.રાજુ જુંજાએ જણાવ્યું હતું કે અગાઉ ૮ મિટિંગમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ તરીકે મેં હાજરી આપી હતી.

ગત બેઠકમાં અનાજની ગુણવત્તાને લઈને ઉઠાવેલા સવાલને લઈને આ વખતે કલેકટર એ મને બેઠક બહાર જતું રહેવા સૂચના આપી હતી ચેમ્બર કોમર્સના પ્રમુખ વી.પી વૈષ્ણવે જણાવ્યું હતું કે જણાવ્યું હતું કે આ ચેમ્બર ઓફ કોમર્સનું અપમાન થયું છે. આમંત્રણ આપીને એન્ટ્રી ન આપતા હવે અમે ટૂંક સમયમાં જ ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત કરીશું. સંકલન સમિતિ અને પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠકમાં મોટાભાગના ઘણા બધા અધિકારીઓ છે તે પ્રતિનિધિઓ જ મોકલે છે.

તેમજ ઘણી બધી સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહેતા હોય છે ત્યારે ચેમ્બર ઓફ કોમર્સ માટે જ કેમ અલગ નિયમ સહિતના સવાલો આગામી સમયમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ચેમ્બરના મને અન્ય કેટલી જગ્યાએથી પણ આમંત્રણ મળતા હોય છે તો શક્ય નથી કે હું બધી બેઠકોમાં હાજર રહી શકું ચેમ્બરના પ્રતિનિધિઓ બેઠકમાં હાજર રહેતા હોય છે.આગામી સમયમાં ચેમ્બર ઓફ કોમર્સ ને સંકલન બેઠકમાં પણ આમંત્રણ આપવામાં આવે તે અંગેની પણ કલેકટરને રૂબરૂ મળી રજૂઆત કરવાનો છેલ્લે કટલે સમયથી કલેકટરને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંકલન બેઠકમાં આમંત્રણ મળે તે અંગેની રજૂઆતો કરવામાં આવી રહી છે પરંતુ હજી સુધી સંકલન બેઠકમાં પણ ચેમ્બર ઓફ કોમર્સ ને આમંત્રણ મળતું નથી.

# આરોગ્યમંત્રીની જનહિતલક્ષી પહેલઃ કચ્છમાં ૭ સહિત રાજ્યમાં ૨૪ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સૈદ્ધાંતિક મંજૂરી આપી

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી એક બેઠકમાં તેમણે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (ડ.ઈ.ઈ) ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે.

આ અંગે વિગતો આપતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, હાલમાં રાજ્યમાં ભારત સરકારના ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવે છે. જે મુજબ સામાન્ય વિસ્તારમાં ૩૦,૦૦૦ અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. અત્યારે ગુજરાતમાં ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તીના ધારાધોરણો મુજબ કુલ ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજૂર અને કાર્યરત છે.

હાલ આ પ્રાથમિક કેન્દ્રોની મંજૂરીમાં ભૌગોલિક પરિસ્થિતિને આધારે ઉક્ત વસ્તીના ધારાધોરણો ધ્યાને ન લેતા જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાને લઈ કુલ ૨૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે. આથી આવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ સુચારૂ રૂપે પુરી પાડી શકાશે. ઉલ્લેખનીય છે કે, એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર, લેબોરેટરી ટેકનીશિયન, જુનિયર ફાર્માસિસ્ટ, સીનિયર ક્લાર્ક સહિતના અન્ય સ્ટાફની નિમણૂંક કરાય છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી એક બેઠકમાં તેમણે રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં કુલ ૨૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (ડ.ઈ.ઈ) ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના ગ્રામ્ય આરોગ્ય માળખાને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | દુદાપુરા |
| ૨ | પાટણ | સમી | રવદ |
| ૩ | બનાસકાંઠા | ડીસા | જૂના નેસડા |
| ૪ | કચ્છ | લખપત | પાન્ધ્રો |
| ૫ | | | નરા |
| ૬ | | રાપર | કિડીયાનગર |
| ૭ | | | કુંભારિયા |
| ૮ | | | રવ મોટી |
| ૯ | | | લોદ્રાણી |
| ૧૦ | અમરેલી | લાઠી | કાંચરડી |
| ૧૧ | આણંદ | પેટલાદ | કાવિઠા |
| ૧૨ | ગાંધીનગર | માણસા | લોદરા |
| ૧૩ | | કાલોલ | વડસર |
| ૧૪ | ગીર સોમનાથ | તલાલા | પિખોર |
| ૧૫ | કચ્છ | નખત્રાણા | સાયરા |
| ૧૬ | ખેડા | કપડવંજ | ભૂંગડિયા |
| ૧૭ | | મહુધા | મિનાવાડા |
| ૧૮ | મહેસાણા | વિસનગર | કમાણા |
| ૧૯ | | વિજાપુર | જંત્રાલ |
| ૨૦ | પંચમહાલ | હાલોલ | ઝોઝ |
| ૨૧ | | મોરવા હડફ | નવાગામ |
| ૨૨ | મહીસાગર | સંતરામપુર | ભાણા સીમલ |
| ૨૩ | દાહોદ | ઝાલોદ | પરથમપૂર |
| ૨૪ | ભાવનગર | મહુવા | નીચા કોટડા |

## અકસ્માતમાં રણજીતપુર ગામનાં દંપતીનું કરૂણ મોત

જામ ખંભાળિયાઃ કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામે રહેતું દંપતી એક પ્રસંગ પતાવી અને પોતાના મોટરસાયકલ પરત ફરી રહ્યા હતા. ત્યારે લીંબડી ગામ નજીક પૂરઝડપે આવી રહેલા એક ટ્રકના ચાલકે તેમને ઠોકર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં આ પતિ-પત્નીના મૃત્યુ નીપજ્યા હતા. આ કરુણ બનાવની પોલીસ દફતરે જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામે રહેતા જેઠાભાઈ ધાનાભાઈ સુવા નામના ૫૪ વર્ષના પ્રૌઢ તેમના પત્ની હિમીબેન (ઉ.વ. ૫૨) સાથે તેમના સંબંધી અરજણભાઈ વેજાણંદભાઈ કરમુરના ઘેર પ્રસંગમાં ગયા હતા. પ્રસંગ પતાવીને તેઓ પોતાના મોટરસાયકલ પર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે કલ્યાણપુરથી આશરે ૨૪ કિ.મી.દૂર લીંબડી - દ્વારકા હાઈવે પર એક હોટલ નજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં સામેથી આવી રહેલા ટ્રકના ચાલકે જેઠાભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.

# ડિજિટલ ગુજરાતઃ વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૧ કરોડથી વધુ અરજીઓ

## અંદાજે ૮૦૦થી વધુ સરકારી સેવાઓ નાગરિકોના ઘર આંગણે ઉપલબ્ધઃ અંદાજે ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડની શિષ્યવૃત્તિની DBT દ્વારા ચૂકવાઈ

સરકારી સેવાઓ-યોજનાઓ વિવિધ પ્લેટફોર્મ્સ જેવા કે ઓનલાઇન, જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો, સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ડિજિટલ ભારત'ના સ્વપનને સાકાર કરવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શી, સરળતાથી અને ઝડપથી મળી રહે તેવા હેતુસર 'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ કાર્યરત છે.રાજ્યમાં નવી ટેક્નોલોજી સાથે જનહિતલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ મહત્વનું પગલું સાબિત થયું છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને ૮૦૦થી વધુ સરકારી સેવાઓ-યોજનાઓ વિવિધ પ્લેટફોર્મ્સ જેવા કે ઓનલાઇન, જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો, સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે તેમજ આંગળીના ટેરવે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

DIGITAL GUJARAT

ડિજિટલ ગુજરાત અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ મળી છે. સ્કોલરશિપ કાર્યક્રમ હેઠળ, ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧,૮૦૦ કરોડની માતબર રકમની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફિશરી ટ્રાન્સફર-ઉઇઝ દ્વારા સીધા તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી છે.

આ ઉપરાંત 'સેવા સેતુ' કાર્યક્રમ થકી ગુજરાત સરકારે નાગરિકોના ઘર આંગણે જઈ ૧૦ તબક્કામાં કુલ ૩.૦૭ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરી વિવિધ સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ સાથે વધુમાં વધુ નાગરિકો જોડાય તેવા ઉમદા હેતુથી સતત નવા-નવા સુધારા કરવામાં આવી રહ્યા છે.

જેમાં નાગરિકોને વ્હોટ્સએપ પર સીધી સરકારી સેવાઓની માહિતી મેળવવા માટે વ્હોટ્સએપ ચેટબોટ પણ બનાવવામાં આવ્યું છે તેવી જ રીતે ડિજિટલ ગુજરાત ચેટબોટ નાગરિકોના પ્રશ્નોના જવાબ આપી તેમને માર્ગદર્શિત કરશે. દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાને દૂર કરીને સમય બચતની સાથે પારદર્શી રીતે પ્રમાણપત્રો સરળતાથી મેળવવાં માટે ઈ-સાઈન અને ઈ-સીલની સુવિધા પણ આપવામાં આવી રહી છે.

વધુમાં આગામી સમયમાં 'ડિજિટલ ગુજરાત ૨.૦' હેઠળ અદ્યતન ટેક્નોલોજી અને આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ- અઈનો ઉપયોગ કરી સરકારની સેવાઓ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે તેનાં લાભાર્થી સુધી પહોચાડવામાં આવશે તેમ, સાયન્સ અને પ્રૌદ્યોગિક વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચેક બાઉન્સ કરવામાં ગુજરાતીઓ દેશમાં ત્રીજા ક્રમે, ૪.૭૩ લાખથી વધુ કેસ પેન્ડિંગ

## શબ્દ લખવામાં ભૂલ જેવા કારણોથી સૌથી વધુ ચેક બાઉન્સ થયા



ગુજરાતની વિવિધ અદાલતોમાં ચેક બાઉન્સ અંગેના ૪.૭૩ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. ચેક બાઉન્સ અંગે સૌથી વધુ પેન્ડિંગ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત ત્રીજા સ્થાને છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ દ્વારા જારી માહિતી અનુસાર ચેક બાઉન્સના સૌથી વધુ ૬.૪૧ લાખ કેસ રાજસ્થાનમાં પેન્ડિંગ છે. જ્યારે મહારાષ્ટ્ર ૫.૮૯ લાખ સાથે બીજા સ્થાને છે. ચેક બાઉન્સના કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ લડવામાં આવે છે.

ચેક બાઉન્સના પેન્ડિંગ કેસ સૌથી વધુ બાકી હોય તેવા ટોચના ૫ રાજ્યમાં પાયલટ સ્ટડી પણ કરાવ્યો હતો. ચેક બાઉન્સ થવા માટે વિવિધ કારણો જવાબદાર હોય છે. જેમાં ચેક પર લખાયેલી રકમ બેન્ક એકાઉન્ટમાં હોય જ નહીં, ચેક આપનારનું એકાઉન્ટ જ બંધ હોવું, કોઇ શબ્દ લખવામાં ભૂલ, એકાઉન્ટ નંબરમાં ભૂલ, ઓવર રાઈટિંગ, ચેકની સમય મર્યાદા પૂરી થઈ ગઈ હોય, કંપનીના ચેકમાં સ્ટેમ્પ નહીં હોવાનો મુખ્યત્ત્વે સમાવેશ થાય છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ ચેક બાઉન્સ કરવો દંડનીય ગુનો ગણાય છે. આ માટે ૨ વર્ષની સજા અને દંડ અથવા બંનેની જોગવાઈ છે.ગુજરાતની વિવિધ અદાલતોમાં ચેક બાઉન્સ અંગેના ૪.૭૩ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. ચેક બાઉન્સ અંગે સૌથી વધુ પેન્ડિંગ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત ત્રીજા સ્થાને છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ દ્વારા જારી માહિતી અનુસાર ચેક બાઉન્સના સૌથી વધુ ૬.૪૧ લાખ કેસ રાજસ્થાનમાં પેન્ડિંગ છે. જ્યારે મહારાષ્ટ્ર ૫.૮૯ લાખ સાથે બીજા સ્થાને છે. ચેક બાઉન્સના કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ લડવામાં આવે છે.

# PMJAY યોજના અંગે સરકાર જાહેર કરશે SOP, આરોગ્યમંત્રી કરશે સત્તાવાર જાહેરાત

Pradhan Mantri Jan Arogya Yojana
Ayushman Bharat
PM-JAY
सत्यमेव जयते
national health authority

રાજ્યમાં PMJAY માન્ય હોસ્પિટલમાં કૌભાંડની ઘટના બાદ સરકાર એકાએક જાગી છે. જેમાં અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ દ્વારા PMJAY યોજનામાં મોટાપાયે કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર આવતી કાલે સોમવારની સવારે ૧૧ વાગ્યે આરોગ્ય મંત્રી PMJAY યોજનાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરની સત્તાવાર જાહેરાત કરશે.

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં PMJAY યોજનામાં ગેરરીતિ થવાની ઘટના બાદ તંત્રી એક્શનમાં આવ્યું હતું. સમગ્ર મામલે છેલ્લા ઘણા સમયથી સરકાર દ્વારા PMJAY યોજનાની નવી SOPને લઈને ચર્ચા વિચારણા ચાલી રહી હતી. જ્યારે હવે આરોગ્યમંત્રી દ્વારા આ મામલે નવી SOP અંગે આવતી કાલે ૧૧ વાગ્યે સત્તાવાર જાહેરાત કરશે.રાજ્ય સરકાર દ્વારા PMJAY યોજનાની નવી SOP અંગેની જાહેરાત કરવાની તૈયારીમાં છે, ત્યારે આગામી નવી જ્યડમાં કઈ કઈ બાબતો પર વધુ ધ્યાન આપવામા આવ્યું છે. આ અંગે આવતી કાલે રાજ્ય કેબિનેટમાં મંજૂર થયા બાદ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા જાહેર કરવામાં આવશે.

# ટેક્સ ઈન્સ્પેક્ટરની ૩૦૦ જગ્યા માટે ૧.૮૫ લાખ ઉમેદવારો!

## શાંતિપૂર્ણ રીતે પેપર પતી જતા પરીક્ષાર્થીઓ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો, ઉમેદવારે કહ્યું– સવાલો એવરેજ હતા



ગુજરાત જાહેર દ્વારા લેવાઈ રહેલી સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની ૩૦૦ જગ્યા માટે આજે આજે રાજ્યમાં અલગ અલગ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારે કહ્યું હતું કે, જેને તૈયારી કરી હતી તેને તકલીફ ન પડે તેવું પેપર હતું. તમામ વિષયોને મહત્વ આપી સવાલો પૂછાયા હતા, પેપરને સહેલું પણ નહીં અને અઘરૂં પણ ન કહી શકાય.

પરીક્ષા શરૂ થઈ તે પહેલા ગેરરીતિ અટકાવવા માટે તમામ કેન્દ્ર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ત્રણ તબક્કામાં પરીક્ષાર્થીઓનું ચેકિંગ કરીને જ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાયો હતો.

સુરત શહેરમાં ત્રૃડજઈની પરીક્ષા માટે ઉમેદવારો અવ્યવસ્થાનો સામનો કર્યો. ગૂગલ મેપ પર સંપૂર્ણ આધાર રાખતા, ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ પોતાના સાચા પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાને બદલે ખોટા સ્થળે પહોંચ્યા હતા. આ વિદ્યાર્થીઓમાંથી ઘણા વલસાડ, નવસારી અને તાપી જેવા દૂરનાં વિસ્તારોમાંથી આવ્યા હતા. જો કે, રાંદેર પોલીસના સમયસરના હસ્તક્ષેપ અને મદદથી પરીક્ષા સમય પહેલાં જ તમામ વિદ્યાર્થીઓને તેમના નિર્ધારિત કેન્દ્ર પર પહોંચાડી દેવાયા.

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આજ રોજ સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ની પરીક્ષા લેવામાં આવી રહી છે. આ માટે સમગ્ર રાજ્યમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સુરતમાં કુલ ૫૬ શાળા-કોલેજમાં ૫૫૫ ક્લાસરૂમમાં આ પરીક્ષા યોજાઈ રહી છે. દરેક સેન્ટર પર સુરત પોલીસ દ્વારા દરેક ઉમેદવાર ને મેટલ ડિટેક્ટર દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રશ્નપત્ર ગનમેનની સાથે અંદર લઈ જવામાં આવ્યા હતો. પરીક્ષા કેન્દ્ર પર તમામ ઉમેદવારોને કેન્દ્રની બહાર જ બૂટ, ચપ્પલ અને મોજા ઉતારવા માટે સૂચના આપવામાં આવી હતી. મેટલ ડિટેક્ટર દ્વારા તમામ ઉમેદવારોની ચકાસણી કરવામાં આવી હતી. મોબાઈલ ફોન અને ડિજિટલ ઘડિયાળ સહિતના તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણો બહાર મૂકવામાં આવ્યા હતા.રાજકોટમાં પરીક્ષા આપવા આવેલા ઉમેદવારો તેમની સાથે જે કિંમતી સામાન લાવ્યા હતા તે તમામ પરીક્ષા ખંડની બહાર જ મૂકાવી દેવાયો હતો.

પરીક્ષા આપવા આવેલ મહિલા પરીક્ષાર્થીને પ્રવેશ પત્ર પર ફોટો ન હોવાથી શરૂઆતમાં પ્રવેશ ન અપાયો બાદમાં પતિ બાળક લઈને આવતા ફોટો કઢાવવા ગયા મહિલાને પ્રવેશ અપાયો બાળક પોલીસ મહિલા ટીમને સોંપવામાં આવ્યુંરાજકોટના કડવીબાઈ પરીક્ષા કેન્દ્રમાં એક તરફ ૭૦ વર્ષ જૂનું બિલ્ડીંગ પાડવાનું કામ ચાલુ છે તો બીજી તરફ વિદ્યાર્થીઓને પરીક્ષાનુ કેન્દ્ર પણ કેમ્પસના જ બાજુના બિલ્ડીંગમાં રાખવામાં આવ્યું છે.વડોદરાના પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓને પ્રવેશ અપાયો

રાજકોટ સહિત રાજ્યભરમાં આજે લેવામાં આવી રહેલી રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા શરૂ થવા પૂર્વેનો ગુજરાત જાહેર સેવા આયોગના સંયુક્ત સચિવ ગૌરવ પંડ્યા દ્વારા રાજ્યના કલેક્ટરોને સંબોધીને પરિપત્ર કરવામાં આવ્યો છે. ૨૨ મી ડિસેમ્બર ની પરીક્ષાને અનુલક્ષીને ૧૯મી ડિસેમ્બરના થયેલા આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ૩૩ જિલ્લામાં યોજનારી પ્રાથમિક કસોટીમાં જે કેન્દ્રોમાં એચડી કેમેરા હોય તે બંધ રાખવા. કારણ કે એચડી કેમેરા થી પેપર લીક ની સંભાવના વધી જાય છે

# ગુજરાત પોલીસમાં ૧૧૨ 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂક કરાશે




દેશભરમાં ત્રણ નવ કાયદાઓ અમલમાં મુકવામાં આવ્યા છે, ત્યારે ગંભીર ગુનાની તપાસ પ્રક્રિયામાં ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થાય તેને લઈને જોગવાઈ કરવામાં આવી છે. તેવામાં ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યની ૧૧૨ પેટા વિભાગીય પોલીસ અધિકારી મદદનીશ પોલીસ કમિશનર ની કચેરી ખાતે 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂકને લઈને મહત્ત્વનો નિર્ણય કરાયો છે. ગુજરાતની ૧૧૨ જીઉડ્ઘ/અઈઙ કચેરીમાં 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ની નિમણૂક કરવાનો નિર્ણય કરાયો છે, ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ જણાવ્યું કે, 'ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ અને ગુજરાત પોલીસના સુંયક્ત ઉપક્રમે આ મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી કન્વીક્શન રેટ વધારવાના પગલા લેવામાં આવી રહ્યા છે, જે પ્રોજેક્ટ હાલ અમલમાં છે.'

રાજ્યમાં ઘટીત થતા કોઈપણ ગંભીર ગુનાઓની ઊંડાણ પૂર્વક જાણકારી મેળવવા જરૂરી સુપરવિઝન તેમજ ઘટના સ્થળની વીઝિટ પણ કરવામાં આવે છે. જેમાં અમુક કિસ્સામાં વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા અને માર્ગદર્શન આપવું પડતું હોય છે. જેના માટે ક્રાઈમ સીન મેનેજરની નિમણૂકનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના ૧૧૨ 'ફોરેન્સિક ક્રાઈમ સીન મેનેજર'ને ગાંધીનગર, સુરત અને રાજકોટ ખાતેની ફોરેન્સિક સાયન્સ લેબ ખાતે તાલીમ આપવાનું ખાસ આયોજન ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ભૌતિક પુરાવા, ક્રાઈમ સીન મેનેજમેન્ટ, ચેઈન ઓફ કસ્ટડીનું મહત્ત્વ, વિશિષ્ટ પ્રકારના નમૂનાઓ માટે દિશા-નિર્દેશ, ડિજીટલ પુરાવાઓ સહિતના વિવિધ ક્રાઈમ સીન સંબંધિત વિષયો અંગે તાલીમ આપવામાં આવશે.

# ધો. ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા ૨૦૨૫: લેઈટ ફી સાથે ઓનલાઇન ફોર્મ ભરવાની મુદત વધારાઈ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. ધોરણ ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી- ૨૦૨૫ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ છે. પહેલા ૨૨ ડિસેમ્બર સુધી પરીક્ષાનું આવેદનપત્ર લેઈટ ફી સાથે ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ હતી. જ્યારે હવે ધોરણ ૧૦ માટે બે દિવસ અને ધોરણ ૧૨ માટે એક દિવસ લંબાવાયો છે. રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગે પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવી છે, ત્યારે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ ૨૪ ડિસેમ્બર સુધીમાં બોર્ડની પરીક્ષાનું ફોર્મ લેઈટ ફી સાથે ઓનલાઇન ભરી શકશે. જેમાં જે-તે શાળાના પ્રિન્સિપાલે એપ્રુવલ આપવાનું બાકી હોય તો તાત્કાલિક આપવાનું રહેશે. આ સાથે આગામી ૨૬ ડિસેમ્બર રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં આવેદનપત્રમાં જરૂરી જણાતા સુધારા-વધારા કરી શકાશે. જ્યારે ૩૦ ડિસેમ્બર સુધીમાં બાકી રહેતી ફી ભરી શકાશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવા માટે એક દિવસનો સમય વધારવામાં આવ્યો છે. જેમાં ૨૩ ડિસેમ્બર સુધીમાં લેઈટ ફી સાથે ઓનલાઇન આવેદનપત્ર કરી શકાશે. આ સાથે ૨૪ ડિસેમ્બર રાતના ૧૨ વાગ્યા સુધીમાં આવેદનપત્રમાં સુધારા-વધારા અને પ્રિન્સિપાલે એપ્રુવલ આપવાનું રહેશે. જ્યારે ૨૬ ડિસેમ્બર સુધીમાં બાકી રહેતી ફી ભરી શકાશે.



મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના હસ્તે રાજકોટ, લોધિકા, કોટડાસાંગાણી ખાતે ૩૨ કરોડથી વધુના વિકાસકાર્યોના ખાતમુહુર્ત કરાયા

# જન જનના સર્વાંગી વિકાસ સાથે તેમના રોજીંદા જીવનને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધઃ ભાનુબેન બાબરીયા

રાજકોટ તા. ૨૨ ડિસેમ્બર- સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાના હસ્તે રાજકોટ ગ્રામ્ય ૭૧- વિધાનસભા વિસ્તારના રાજકોટ, લોધિકા અને કોટડાસાંગાણી તાલુકામાં તા. ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ અંદાજિત રૂ. ૩૨૪૭.૨૬ લાખના કુલ ૬૪ કી.મીના રસ્તાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આજરોજ ત્રંબા ખાતે ખાતમૂહુર્ત પ્રસંગે મંત્રીશ્રી ભાનુબેને જણાવ્યું હતું કે, જન જનના સર્વાંગી વિકાસ સાથે તેમના રોજીંદા જીવનને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વિકાસકાર્યોનો અવિરત પ્રવાહ જેમ સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણે પહોંચ્યો છે, એ જ રીતે રાજકોટમાં વિકાસકાર્યોનો પ્રવાહ પણ દિનપ્રતિદિન વેગ પકડી રહ્યો છે. આંતરમાળખાકીય સુવિધાઓનું દ્દઢીકરણ એ વિકાસની પ્રાથમિક જરૂરિયાત છે. ત્યારે આ વિકાસકાર્યોના નિર્માણથી સ્થાનિક વિસ્તારના નાગરિકોની માળખાકીય સુવિધાઓમાં વધારો થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજરોજ રાજકોટ તાલુકાના ત્રંબા ખાતે અંદાજે રૂ. ૨૨૮.૩૩ લાખના ખર્ચે ત્રંબા થી વડાળી સુધીનો ૫.૭૦ કીમી. લંબાઈ ધરાવતો, રૂ.૧૭૫.૮૦ લાખના ખર્ચે નેશનલ હાઈવે થી અણીયારા પાડાસણ સુધીનો ૩ કી.મી.નો રોડ તથા સરધાર ખાતે અંદાજે રૂ. ૬૫૩.૧૩ લાખના ખર્ચે નેશનલ હાઈવે થી સરધાર-હરીપર-બાડપર- હોડથલી - દડવા સુધીના ૧૪ કિમીના રસ્તાના ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. તા. ૨૧ ડિસેમ્બરના રોજ લોધિકા તાલુકા ખાતે અંદાજે રૂ. પાંચ કરોડના ખર્ચે કાંગાશીયાળી ઢોલરા વીરવા ખાંભા માખાવડ રોડ, અંદાજે રૂ. ૨.૩૦ કરોડના ખર્ચે સ્ટેટ હાઈવે થી પીપળિયા પાળ થી શાપર સુધીના રોડ, અંદાજે રૂ. ૯૦ લાખના ખર્ચે સ્ટેટ હાઈવે થી ખીરસરા થી પ્રકૃતિ ફાર્મને જોડતો અંદાજે ૨/૦૦ કી.મી.લંબાઈ અને ૩.૭૫ મીટર પહોળાઈનો રસ્તો, રૂ. ૩. ૪૦૦ લાખના ખર્ચે સ્ટેટ હાઈવે થી દેવગામ અભેપર સુધી ૮ કી.મી. લંબાઈ, ૩.૭૫ મીટર પહોળાઈનો રોડ અને આશરે ૩.૨૫૦ લાખ નેશનલ હાઈવે થી વાગુદડ સુધી ૫ કી.મી. લંબાઈ ૩.૭૫ મીટર પહોળાઈ ધરાવતો રોડ અને કોટડા સાંગાણી તાલુકામાં અંદાજે રૂ. ૭.૪૨ કરોડના ખર્ચે નવીમેંગણી-થોરડી-ચાપાબેડા-કાલંભડી-નૌઘણચોરા-અનીડા(વાછરા) સુધીના રોડનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.



## મંત્રી શ્રી ભાનુબેનના હસ્તે રાજકોટ જિલ્લાના સરધાર ખાતે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ

રાજકોટ તા.૨૨ ડિસેમ્બર-, સામાજિક અને ન્યાય અધિકારીતા તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે રાજકોટ જિલ્લાના સરધાર ખાતે આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ તથા તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,અક્ષર જ્ઞાન અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ એ બાળક આંગણવાડી કેન્દ્રમાં જઈ શીખે છે ત્યારે બાળકની બીજી માતા યશોદા તેના ઉજજવળ ભવિષ્યની દરકાર લે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણએ બાળકના શિક્ષણનો મહત્વનો પાયો છે ત્યારે બાળકો આંગણવાડીઓમાં જઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવી પાયાના શિક્ષણમાં મજબૂત બનશે. આ સાથે જ મંત્રીશ્રીએ આંગણવાડી કેન્દ્ર ખાતે વધુમાં વધુ વૃક્ષારોપણ અને કિચન ગાર્ડન બનાવવા પર ભાર મૂક્યો હતો. લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે ભુલકાઓને સ્વેટર અર્પણ કરવામાં આવ્યા હતા. બાળકોએ નૃત્ય દ્વારા મંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કર્યું હતું. મંત્રીશ્રીએ ભારતીય પરંપરા અનુસાર નંદઘર ખાતે કુંભ સ્થાપન કરી દીપ પ્રજવલન કર્યું હતું. વિશેષતઃ બાળકો સાથે સંવાદ કરી તેમને સ્વહસ્તે પોષણક્ષમ નાસ્તો જમાડ્યો હતો તેમજ બાળગીત વગેરે તેમની પ્રવૃત્તિઓ નિહાળી ભૂલકાઓને પ્રોત્સાહિત કર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે, રૂ.૭.૪૫ લાખના ખર્ચે આંગણવાડી કેન્દ્ર તથા ૧.૫ લાખના ખર્ચે મેદાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં બાળકો માટે શિક્ષણ કક્ષ, રસોડું, સંગ્રહ કક્ષ, શૌચાલય અને રમતગમતના સાધનો સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, મામલતદાર શ્રી કે.એચ.મકવાણા, તાલુકા પંચાયત સદસ્ય શ્રી ચેતનભાઇ પાણ, સરધારના સરપંચ શ્રી પીન્ટુભાઇ ઢાંકેચા,અગ્રણી શ્રી મનહરભાઈ બાબરીયા, મહિલા અને બાળ કલ્યાણ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલ, સ્થાનિક આગેવાનો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ધુમ્મસનું સામ્રાજ્ય, વાદળછાયું વાતાવરણ

## અરબ સાગરમાં ટ્રફની રચના થતાં વાતાવરણમાં પલટો, સુરતમાં હિલ સ્ટેશન જેવો માહોલ; ૨૪ કલાકમાં અમદાવાદના તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો

રાજયનું છેલ્લા ૨૪ કલાકથી વાતાવરણ પલટાયું છે, ત્યારે હજુ પણ આગામી ૪૮ કલાક બાદ લઘુત્તમ તથા મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતાઓ હવામાન વિભાગની વ્યક્ત કરી છે. આગામી ૪૮ કલાક બાદ રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે.

આ ઉપરાંત આગામી એક સપ્તાહ દરમિયાન ગુજરાતના વાતાવરણમાં ઘણા બદલાવ આવી શકે છે. આગામી ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તથા સમગ્ર સપ્તા દરમિયાન રાજ્યમાં વાદળછાયુ વાતાવરણ રહેવાની પણ સંભાવના છે. તો આજે સુરતમાં ગાઢ ધુમ્મસ છવાતા હિલ સ્ટેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. દેશભરમાં ગુજરાતને અન્ય રાજયની સરખામણીમાં સૌથી લાંબો દરિયાકાંઠો મળ્યો છે. ગુજરાતની પશ્ચિમ બાજુ અરબસાગર આવેલો છે, જ્યાંથી મોટા પ્રમાણમાં ભેજ ગુજરાત તરફ આવી રહ્યા છે જેને કારણે વાતાવરણના ઉપરીસ્તરમાં વાદળો બંધાયા છે, જેથી રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે. આ ઉપરાંત હાલમાં ગુજરાત ઉપર પૂર્વ તથા દક્ષિણ પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે, જેથી એક તરફ અરબસાગરથી આવતો ભેજ અને બીજી તરફ પૂર્વક તથા દક્ષિણ પૂર્વ દિશા તરફથી આવતા પવનોને કારણે રાજ્યમાં વરસાદની શક્યતાઓ છે. આ વિવિધ સિસ્ટમને કારણે ભરશિયાળે રાજ્યમાં વરસાદ વરસી શકે છે. હાલમાં વાતાવરણ જે પ્રકારે પલટાયુ છે, તેનાથી અરબસાગરના ભેજ ગુજરાતમાં આવી રહ્યા છે, જેને કારણે તાપમાનમાં વધારો થયો છે. હાલ ગુજરાતવાસીઓને ઠંડીમાંથી રાહત મળી છે અને હજુ પણ આગામી એક સપ્તાહ દરમિયાન વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ છે. એટલે કે, ડિસેમ્બર મહિનામાં હાડ થીજાવતી ઠંડી બાદ હવે વરસાદનું અનુભવ ગુજરાતવાસીઓ કરશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર, ગુજરાત પર હાલમાં વિવિધ સિસ્ટમ અસર કરવાની છે, જેને કારણે તેના વાતાવરણમાં પલટો આવ્યો છે. અરબ સાગરમાં ટ્રફની રચના થઈ છે. આ ઉપરાંત દક્ષિણ રાજસ્થાન ઉપર એક ઇન્ડ્યુસ સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સક્રિય છે. આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે જે ગુજરાતની આસપાસ અસર કરનાર છે તે તમામ સિસ્ટમને કારણે ગુજરાતમાં વાદળછાય વાતાવરણની સાથે વરસાદની સંભાવના છે.અમદાવાદ જિલ્લાના તાપમાનમાં ૨૪ કલાકમાં ૩ ડિગ્રીનો વધારો

ગુજરાત પર વરસાદી સિસ્ટમ સક્રિય થતા ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. અરબસાગર પરથી આવતા ભેજને કારણે ગુજરાતના તાપમાનમાં વધારો નોંધાયો છે. મધ્ય ગુજરાતમાં આવેલા અમદાવાદ જિલ્લામાં ફક્ત ૨૪ જ કલાકમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત અન્ય ત્રણ મહાનગરમાં પણ લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે. જેમાં વડોદરામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭.૪ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં ૧૩ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.આ ઉપરાંત રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત હજુ પણ આગામી ૪૮ કલાક દરમિયાન ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાશે. ત્યારબાદના પાંચ દિવસ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાશે. એટલે કે, ઠંડીમાંથી રાહત મળશે. વહેલી સવારથી જ સુરત શહેરમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. રસ્તા ઉપર ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ ઓછી જોવા મળી હતી. વાહનચાલકોએ પણ ધુમ્મસના કારણે થોડી મુશ્કેલી અનુભવી હતી. વહેલી સવારથી લઈને ભરબપોર સુધી ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. સાથેસાથે તાપમાનનો પારો પણ સતત ગગડ્યો હતો.



## આવતા સપ્તાહમાં ગુજરાતમાં સામાન્ય માવઠાની શક્યતા

રાજકોટ, તા.૨૧

રાજકોટ સહિત રાજયમાં ઠંડી-શિયાળામાં અનિયમિતતાનો દોર હજુ યથાવત રહી શકે છે. તા.૨૨થી ૨૮ ડિસેમ્બર દરમ્યાન બે દિવસ ચમકારો રહેશે અને બાકીના દિવસોમાં તાપમાન વધી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં નોર્મલ તાપમાન ૧૧ થી ૧૩ ડીગ્રી છે. રાજસ્થાન બોર્ડર તથા કચ્છમાં નોર્મલ તાપમાન ૧૧ ડિગ્રી તથા અન્યત્ર ૧૨-૧૩ ડીગ્રી ગણાય છે. તા.૨૨ થી ૨૮ ડીસેમ્બર દરમ્યાન વારંવાર વધઘટ જોવા મળી શકે છે.તા.૨૨-૨૩મીએ તાપમાનમાં ૧ થી ૨ ડીગ્રીનો વધારો થશે. તા.૨૪-૨૫મીએ તાપમાન ઘટવા સાથે ફરી ઠંડીનો ચમકારો અનુભવાશે. જ્યારે ૨૬ થી ૨૮ દરમ્યાન તાપમાનમાં ૨ થી ૪ ડીગ્રીનો વધારો થશે. આનો અર્થ એ થાય છે કે ઠંડીના ચમકારા વખતે તાપમાનની રેન્જ ૧૦ થી ૧૪ ડીગ્રી તથા બાકીના દિવસોમાં ૧૩ થી ૧૮ ડીગ્રી રહેવાની શક્યતા છે.

આગાહીના સમયગાળામાં પવન ઉત્તર ઉત્તર-પૂર્વના ફુંકાશે. પવનની ઝડપ ૨૨-૨૩ તથા ૨૭-૨૮મીએ નોર્મલ કરતાં ૫-૧૦ કિ.મી. વધુ રહેશે. વાતાવરણ મોટાભાગે સ્વચ્છ જ રહેશે અને ક્યારેક આકાશમાં છુટા છવાયા વાદળો જોવા મળશે. તેઓએ કહ્યું કે તા.૨૬-૨૭ ડીસેમ્બરે પશ્ચિમી હિમાલયન ક્ષેત્ર તથા ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રહેશે તેના પ્રભાવ હેઠળ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન તથા તેને લાગૂ મધ્ય પ્રદેશમાં વરસાદની સંભાવના છે

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# બોલબાલા માર્ગ, હસનવાડી, સહકાર રોડ પર ધાર્મિક સહિત ડઝન બાંધકામનું ડિમોલીશન

## વોર્ડ નં.૧૪ અને ૧૭માં કોર્પો.ના ત્રણ પ્લોટમાં બુલડોઝર ફર્યા ૬.૯૨ કરોડની જમીન ખુલ્લી કરાવાઇ ૯૦ વર્ષ જુનુ મંદિર નોટીસ વગર હટાવ્યાનો દેકારો





રાજકોટ, તા.૨૧

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખા દ્વારા કોર્પો.ના અનામત પ્લોટ અને ખાનગી જગ્યામાં થયેલા ગેરકાયદે બાંધકામ હટાવવા ડિમોલીશન ચાલુ રાખવામાં આવ્યું છે. ગઇકાલે સાંજે વોર્ડ નં. ૧૪ અને ૧૭માં બોલબાલા માર્ગ, હસનવાડી સહિતના રસ્તે ધાર્મિક સહિત ડઝન ગેરકાયદે બાંધકામ હટાવાયા હતા. સેન્ટ્રલ ઝોનમાં ટીપીનો રોડ પૂરો કરવા સાથે બે પ્લોટની ૬.૯૨ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી છે.

કમિશ્નર તુષાર સુમેરાના આદેશથી એડી.સીટી ઇજનેર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ ગઇકાલે વોર્ડ નં.૧૪માં બે પ્લોટમાં ડિમોલીશન કરવામાં આવ્યું હતું અને ૧૨ ગેરકાયદે કાચા-પાકા મકાન તોડીને પ્લોટના કબ્જા લેવામાં આવ્યા છે. વોર્ડ નં.૧૪માં બોલબાલા માર્ગ પર ફાયર સ્ટેશન હેતુનો પ્લોટ નં.૨૩૧ આવેલો છે. સાથે જ ૯ મીટરના ટીપી રોડમાં પણ કાચા-પાકા મકાનોના બાંધકામ થઇ ગયા હતા. તો વોર્ડ નં.૧૭માં આ જ રસ્તે ગાર્ડન હેતુના અનામત પ્લોટ નં. ૫૧માં પણ ઝુંપડા હતા. આ બંને પ્લોટમાંથી ૧૨ ગેરકાયદે દબાણ હટાવાયા છે. વોર્ડ નં.૧૭ના કોઠારીયા મેઇન રોડ પર સહકાર સોસાયટીમાં એસઇડબલ્યુએસ હેતુના અનામત પ્લોટમાંથી કાચા મકાનનું દબાણ હટાવી ૧૭.૫૦ લાખની જમીન ખુલ્લી કરાવાઇ હતી.

દરમ્યાન પારડી રોડ, કોમ્યુનિટી આ જગ્યા પર ઘણા વર્ષોથી રહેલી એક દેરી પણ હટાવવામાં આવતા લોકો એકઠા થઇ ગયા હતા. આ વિસ્તારના લોકોએ જણાવ્યું હતું કે અહીં ૯૦ વર્ષ જુનુ મંદિર છે અને પુજારી નિયમિત પુજા કરે છે. આ મંદિરને નોટીસ આપ્યા વગર હટાવવામાં આવ્યું છે આથી અન્યત્ર જગ્યા મળવી જોઇએ.સ્ટાફ શિવલીંગ પણ લઇ ગયો હતો. જોકે કોઇ આસામીએ શિવલીંગ ન સંભાળતા સાથે લઇ જઇ નદીમાં વિસર્જન કરવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું. આ મામલે અમુક લોકોએ માથાકૂટ કરી હતી. ત્રણ પ્લોટમાં ૬.૯૨ કરોડની કિંમતની ૮૭૩ ચો.મી. જમીન ખુલ્લી કરાવાઇ હતી. વધુમાં વોર્ડ નં.૧૭ના હસનવાડી મેઇન રોડ પર આવેલ ખાનગી પ્લોટમાં ૩૮ ચો.મી.માં ગેરકાયદે બંધાયેલી પતરાની કેબીન પણ તોડવામાં આવી હતી.

## વીંછિયા તાલુકાના પ્રશ્નો ઉકેલવા સંકલન બેઠકમાં મંત્રી કુંવરજી બાવળિયાની તાકીદ



જસદણઃ જસદણ વીંછિયા તાલુકાના લોકોને ભોગવવી પડતી સમસ્યાઓ અને પ્રશ્નોનો તાકીદે ઉકેલ લાવવા મંત્રીએ અધિકારીઓને સંકલન બેઠકમાં આદેશ કર્યો હતો. તાજેતરમાં પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને તાલુકા સેવા સદન ખાતે વીંછિયા તાલુકાની સંકલન બેઠક યોજાઇ હતી. બેઠકમાં મંત્રીએ વીંછિયા તાલુકાના વિવિધ પ્રશ્નોના નિરાકરણ અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. જેમાં જરૂરિયાતમંદ નાગરિકોને પ્લોટ ફાળવણી, ગામોની જમીન સમથળ કરવાના કામો, પાણીની ટાંકીનું રીપેરીંગ કામ, બ્રીજના કામો, રસ્તાની કામગીરી, વીજ લાઇનની રીપેરીંગના કામો, પાણી વિતરણની કામગીરી, ટ્રાફિક સમસ્યા, પશુ દવાખાનુ, આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામ અને રીપેરીંગના કામો સહિત પ્રશ્નોની મંત્રીએ વિગતવાર માહિતી મેળવીને પ્રશ્નોના યોગ્ય નિરાકરણ કરવા

## વધુ ૨૨ સીટી બસ દોડીઃ નવા ચાર રૂટ-ત્રણ રૂટ પર બસની સંખ્યા વધારાઇ

### ગ્રીનલેન્ડ, પરાપીપળીયા, ગોંડલ ચોક, મારવાડી કોલેજ રૂટ પર સુવિધા વધશેઃ રૂટ ફાઇનલ કરવા જર્મનીની એજન્સીનો પણ સહયોગ

રાજકોટઃ રાજકોટ મહાપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી સીટી બસ સેવા અંતર્ગત તાજેતરમાં મુખ્યમંત્રીના હસ્તે ફલેગ ઓફ કરવામાં આવેલી નવી ૨૨ સીટી બસ સેવા આજથી પરિવહનમાં મૂકવામાં આવી છે. આ સાથે ગ્રીનલેન્ડ, પરાપીપળીયા, ગોંડલ ચોક, માધાપર ચોકને જોડવામાં આવ્યા છે. તો ટ્રાફિકવાળા ત્રણ રૂટ પર નવી છ બસનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આ બંને બસ સેવાનો દૈનિક ધોરણે અંદાજીત ૫૦,૦૦૦થી વધુ લોકો દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે. સિટી બસ સેવામાં સિનિયર સિટિઝનને ફ્રી મુસાફરીની જાહેરાતના



નિર્ણયથી અંદાજીત દૈનિક ૭,૦૦૦થી વધુ સિનિયર સિટિઝન દ્વારા પણ લાભ લેવામાં આવે છે. આજથી જુદા જુદા રૂટ પર ૨૨ સી.એન.જી. ફ્યુઅલ આધારિત બસ ચાલુ કરવામાં આવેલ છે.

નવી બસનો ઉમેરો થતા સિટી બસ તથા બીઆરટીએસ સેવા અંતર્ગત હાલમાં કુલ ૧૯૯ બસ દ્વારા કુલ ૭૩ રૂટ પર પરિવહન સેવા પૂરી પાડવામાં આવે છે. તેમજ શહેરમાં સિટી બસ સેવાના હયાત રૂટ તેમજ નવા રૂટ ચાલુ કરવા બાબતે રૂટ રેશનાલાઇઝેશન અંગેની કામગીરીમાં જર્મનીની એજન્સી જીઆઇઝેડ સાથે ભારત સરકારના આવાસ, કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય, જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઇકોનોમિક કો-ઓપરેશન દ્વારા કમિશન્ડ કરાયેલ સસ્ટેનેબલ અર્બન મોબીલીટી, એર ક્વોલીટી, કલાઇમેટ એક્શન અને એક્સેસિવીલીટી સંબંધિત ક્ષેત્રના પ્રોજેક્ટની અમલવારી માટેનો ટેકનિકલ સહયોગ વિનામુલ્યે આપવામાં આવી



# પાર્ટ કમ્પલિશન; ફલાવર બેડ જેવો જ રસ્તો ટીપી શાખામાં ખુલ્લો!

**અનેક તૈયાર પ્રોજેક્ટ વચ્ચે બિલ્ડર્સ માટે કામચલાઉ રાહત આપતો વણલખાયેલો નિયમ  છટકબારીના અભ્યાસ!: લાંબા સમયથી બીયુપી ન નીકળતા ગ્રાઉન્ડ ફલોર, ફર્સ્ટ ફલોરના શોરૂમ – દુકાનોના પ્રમાણપત્ર લેવા દોડધામ  નિયમમાં સ્પષ્ટ ઉલ્લેખ નથીઃ મોટા ભાગે વેસ્ટ ઝોનમાં હંગામી બીયુ લેવાની પરંપરા  સેન્ટ્રલ ઝોનમાં બહુ ડિમાન્ડ નથી  પૂર્વ ઝોનમાં પણ ન્યુ રાજકોટ જેવી ડિમાન્ડ નહીં**

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરમાં નવા બિલ્ડીંગ સહિતના બાંધકામોના પ્લાન અને કમ્પલીશનની પ્રક્રિયા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ સ્થગિત જેવી હાલતમાં આવી ગયાની મોટા પાયે ફરિયાદો ગાંધીનગર સુધી કરવામાં આવી હતી. તે બાદ સરકારે નિયમથી બહાર ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને કોઇ ખાસ રાહત આપીને બીયુ આપવા ઈન્કાર કરતા ડેવલપર્સને કોઇ રાહત મળી નથી.

આ સંજોગોમાં છેલ્લા થોડા મહિનાથી નવા બિલ્ડીંગમાં પાર્ટ કમ્પલીશન લેવાના રસ્તા વધુ ખુલ્યા છે. છેલ્લા સમયમાં ઘણા બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર સુધી તૈયાર થઇ ગયેલા શોરૂમ અને દુકાનોના પાર્ટ કમ્પલીશન ઈસ્યુ થઇ રહ્યા છે. આમ તો જે રીતે આટલા વર્ષો સુધી પ્લાનમાં ન દર્શાવેલા ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને બીયુ આપવાની પરંપરા ચાલુ હતી. પરંતુ નિયમમાં તેનો ઉલ્લેખ ન હતો. આથી પૂર્વ કમિશ્નરે સરકાર પાસે અભિપ્રાય માંગી લીધો હતો. તેનો અભિપ્રાય નકારાત્મક આવતા આ હાલત યથાવત છે.

તો બીજી તરફ પાર્ટ કમ્પલીશન માટે પણ જીડીસીઆરમાં કોઇ સ્પષ્ટ નિયમ ન હોવાથી અધિકારીઓ જરૂરીયાત અને ચકાસણીના આધારે આ પરમીશન આપે છે. આથી હાલની સ્થિતિમાં આવા પાર્ટ કમ્પલીશનની ડિમાન્ડ વધે તેમ છે.

કોઇ પણ બિલ્ડીંગનો પ્લાન મૂકાઇ અને સમયસર પ્રોજેક્ટ શરૂ કરવામાં ન આવે તો બે વખત પ્લાન રીન્યુ કરવાની તક મળે છે. તે બાદ જુનો પ્લાન રદ્દ થાય છે અને નવેસરથી મૂકવો પડે છે. હવે પ્રોજેક્ટ શરૂ થયા બાદ પૂરો કરવામાં વાર લાગે અને મિલ્કતનું વેંચાણ ન થાય ત્યારે બિલ્ડર રસ્તા શોધે છે.

અનેક કેસમાં કોમર્શિયલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ અને  ફર્સ્ટ ફલોરની મિલ્કત પહેલા વેંચાતી હોય છે. આથી ઉપરના અન્ય માળનું બાંધકામ ચાલુ હોય અને ગ્રાઉન્ડ ફલોર બુક કરનાર આસામીને સમયસર દસ્તાવેજ કરાવવો હોય તો બિલ્ડીંગ યુઝ પરમીશન (કમ્પલીશન)ની જરૂર પડે છે. આથી જેટલો ભાગ તૈયાર થઇ ગયો હોય તેને ટીપી શાખા પાર્ટ કમ્પલીશન આપી શકે તેવો મત છે. આ અંગેના નિયમો અંગે જાણકારોએ કહ્યું કે, જીડીસીઆરમાં પાર્ટ કમ્પલીશન અંગે સ્પષ્ટ અને સીધી કોઇ જોગવાઇ નથી. વાસ્તવમાં ગ્રાઉન્ડ ફલોર કે પ્રથમ માળનું બાંધકામ પૂર્ણ થયું હોય અને ઉપરના ભાગે થતું બાંધકામ ગ્રાઉન્ડ ફલોર પર નુકસાન કરે તેમ ન હોય તેવું લાગે તો આટલી જગ્યા પુરતું પાર્ટ કમ્પલીશન આપી શકાય છે. જોકે તે નિર્ણય અધિકારી પર આધારીત હોય છે. તો બીજી તરફ ફલાવર બેડ સાથેના કમ્પલીશન પણ ભુતકાળમાં આ જ રીતે અપાતા હતા. તો અધિકારીઓના સ્વવિવેક મુજબના નિર્ણયથી આવા કમ્પલીશન આપવા સામે અમુક લોકો પ્રશ્નો ઉઠાવે છે.

હવે જયારે બાંધકામ ઉદ્યોગ રાહતની આશામાં છે, ૩૦૦થી વધુ કમ્પલીશન પેન્ડીંગ છે ત્યારે પાર્ટ કમ્પલીશનની  પરંપરા હેઠળ વધુ ડેવલપર્સ કોમર્શિયલ બિલ્ડીંગમાં આ રીતે ટુકડે ટુકડે બીયુ લેવા આર્કિટેકટસની સલાહ લેવા લાગ્યા છે. દરમ્યાન દુકાનો અને શોરૂમ ભાડે આપવાનો મોટો કોમર્શિયલ ટ્રેન્ડ વેસ્ટ ઝોનમાં ચાલે છે.

સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાં પાર્ટ કમ્પલીશનના આધારે બહુ બીયુપીની ડિમાન્ડ આવતી નથી. આથી વેસ્ટ ઝોનમાં અડધા તૈયાર પ્રોજેક્ટ માટે આવા રસ્તા કાઢવા બિલ્ડર્સને સલાહ મળવા લાગી છે. મહાનગરમાં નવા બિલ્ડીંગ સહિતના બાંધકામોના પ્લાન અને કમ્પલીશનની પ્રક્રિયા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ઘટના બાદ સ્થગિત જેવી હાલતમાં આવી ગયાની મોટા પાયે ફરિયાદો ગાંધીનગર સુધી કરવામાં આવી હતી. તે બાદ સરકારે નિયમથી બહાર ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને કોઇ ખાસ રાહત આપીને બીયુ આપવા ઈન્કાર કરતા ડેવલપર્સને કોઇ રાહત મળી નથી.

આ સંજોગોમાં છેલ્લા થોડા મહિનાથી નવા બિલ્ડીંગમાં પાર્ટ કમ્પલીશન લેવાના રસ્તા વધુ ખુલ્યા છે. છેલ્લા સમયમાં ઘણા બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર સુધી તૈયાર થઇ ગયેલા શોરૂમ અને દુકાનોના પાર્ટ કમ્પલીશન ઈસ્યુ થઇ રહ્યા છે. આમ તો જે રીતે આટલા વર્ષો સુધી પ્લાનમાં ન દર્શાવેલા ફલાવર બેડ સાથેના બિલ્ડીંગને બીયુ આપવાની પરંપરા ચાલુ હતી. પરંતુ નિયમમાં તેનો ઉલ્લેખ ન હતો.

# રાજ્યમાં હવે સાયબર ક્રાઈમનું નવું માળખું સ્થપાશે

## ઈન્ટેલિજન્સ બ્યુરો, ક્રાઇમ, એન્ટી કરપ્શન બ્યુરોની જેમ હવે અલગથી સાયબર ક્રાઇમ યુનિટ શરૂ કરાશે ગઈકાલે રાજકોટમાં યોજાયેલ ડીજી કોન્ફરન્સમાં ચર્ચા થઈ

રાજકોટ : ગઈકાલે રાજકોટમાં ડીજી ક્રાઇમ કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. દર મહિને યોજાતી ક્રાઇમ કોન્ફરન્સ આ વખતે રાજકોટમાં યોજાયેલ હતી. અમદાવાદ અને વડોદરા બાદ હવે રાજકોટ અને આવતા મહિને સુરતમાં ડીજી કોન્ફરન્સ યોજાશે. આ રીતે અલગ અલગ શહેરોમાં કોન્ફરન્સનું આયોજન કરવા પાછળનો વિચાર તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો હતો.

ક્રાઇમ કોન્ફરન્સમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ત્યારે એક મુદ્દો જે ડીજીપી શ્રી વિકાસ સહાય દ્વારા મુકવામાં આવ્યો તે હતો સાયબર ક્રાઇમ. હવે મહાનગરો થી લઇ ગ્રામ્ય કક્ષાએ સાયબર ક્રાઇમ અને સાયબર ફ્રોડનાં બનાવો વધતા જાય છે તેથી હવે તેની શુસજ્જ વ્યવસ્થા કરવી જરૂરી છે. હવે રાજ્યમાં અલગ થી જ સાયબર ક્રાઇમ યુનિટ હશે તેવી ચર્ચા થઈ હતી.

જેમ ઇન્ટેલિજન્સ બ્યુરો, એન્ટી કરપ્શન, સીઆઇડી ક્રાઇમ સહિતના અલગ અલગ વિભાગો છે તેમ હવે સાયબર ક્રાઇમ સ્પેશ્યલ યુનિટની સ્થાપના થશે. હવે સાયબર ક્રાઇમ ડીજી, એસપી સહિત વ્યવસ્થિત માળખું ટૂંક સમયમાં ઊભું કરાશે તેવી ચર્ચા થઈ હતી.

દર વર્ષે હજારોની સંખ્યામાં સાયબર ફ્રોડનો શિકાર બને છે. દર વર્ષે અંદાજે રાજકોટમાં ૧૦,૦૦૦, સુરતમાં ૪૦,૦૦૦ અને અમદાવાદમાં ૭૦,૦૦૦ જેટલી અરજીઓ થાય છે. એટલે હવે ત્વરિત રીતે પગલાં લઈ શકાય તેથી હવે નવું માળખું ઊભું કરાશે.

સમગ્ર દેશમાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ તા.૧લી જુલાઈ-૨૦૨૪થી અમલમાં મુકવામાં આવ્યો છે. આ ત્રણેય નવા કાયદાઓમાં તપાસની પ્રક્રિયામાં વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા ઉપર વિશેષ ભાર મુકી ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થાય તે બાબતે જોગવાઇ કરવામાં આવી છે.

જેને ધ્યાને લઇ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યની તમામ ૧૧૨ (પેટા વિભાગીય પોલીસ અધિકારી)/(મદદનીશ પોલીસ કમિશનર)ની કચેરીમાં ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજરની નિમણૂક કરવા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયએ જણાવ્યું છે કે, ગુજરાત પોલીસ અને ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલી આ પહેલ ખૂબ મહત્વપૂર્ણ છે, ભવિષ્યમાં તેના ઐતિહાસિક

**રાજ્યમાં વધતા સાયબર ક્રાઇમ કેસ બાદ નિર્ણય લેવાયો**

**મહાનગરોથી લઇ ગામડાઓ સુધી સાયબર ક્રાઇમ વધતા કેસ સરેરાંશ રાજકોટમાં વર્ષે ૧૦,૦૦૦, સુરતમાં ૪૦,૦૦૦ તો અમદાવાદ ૭૦,૦૦૦ થી વધુ અરજીઓ આવે છે**

**સાયબર ક્રાઇમ ડીજી, એસપીથી લઇ એક અલગ સેટઅપ થશે ગાંધીનગરમાં ટેકનોલોજીથી સજ્જ વડી કચેરી ઊભી થશે**

પરિણામ ચોકકસ જોવા મળશે.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત રાજ્યમાં કન્વીકશન રેટ વધારવા માટે અલગ-અલગ પ્રકારના પગલાઓ લેવામાં આવ્યા છે અને કન્વીકશન રેટ ઇમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હાલ અમલમાં છે. એ જ પ્રયાસના ભાગરૂપે તમામ /ની કચેરીમાં ક્રાઇમ સીન મેનેજરની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.રાજ્યમાં બનતા તમામ પ્રકારના ગંભીર ગુનાઓની તપાસના સુપરવિઝનની જવાબદારી જીલ્લાઓમાં અને શહેરોમાં ની હોય છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારી તરીકે / જ્યારે ગંભીર પ્રકારના ગુનાનું સુપરવિઝન કરતા હોય ત્યારે તેઓ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરતા હોય છે અને તપાસ કરનાર અમલદારને વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવા માટે માર્ગદર્શન પુરૂં પાડતા હોય છે.

તેમની આ જવાબદારીનું યોગ્ય રીતે નિર્વહન થાય તે માટે ફોરેન્સિક સાયન્સ વિષય નિષ્ણાંત અને તાલીમબદ્ધ હોય તેવા ફોરેન્સિક ક્રાઇમ સીન મેનેજર તેઓને મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જ્યારે કોઇપણ ગુનો બને ત્યારે ફોરેન્સીક કાઇમસીન મેનેજરની મદદથી વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરી કેસને સુદ્દઢ બનાવવા અને આરોપીઓને સજા થાય તથા પિડીતોને ન્યાય મળે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભવિષ્યમાં આ પહેલના કારણે ગંભીર પ્રકારના ગુનાઓના કન્વીકશન રેટમાં ચોક્કસપણે વધારો થશે.

# રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી નવેમ્બર- ૨૦૨૪ સુધીમાં રેકોર્ડ બ્રેક અંદાજે ૮૮ કરોડ આધાર ઓથેન્ટિકેશન નોંધાયા

રાજકોટ, તા.૨૨

પ્રવર્તમાન સમયમાં અદ્યતન ઈન્ટરનેટ અને ટેકનોલોજીના ઉપયોગના પરિણામે આજે તમામ પ્રકારની માહિતી ઈન્ટરનેટ જગતના માધ્યમથી નાગરિકોના આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૨ થી નવેમ્બર-૨૦૨૪ સુધીમાં અંદાજે ૮૮ કરોડ આધાર ઓથેન્ટિકેશન નોંધાયા છે.




જ્યારે વિવિધ વિભાગોમાંથી સરેરાશ માસિક ૦૫ કરોડ અને દરરોજ સરેરાશ ૨૨ લાખ જેટલી આધાર ઓથેન્ટિકેશનની અરજી પર સફળતાપૂર્વક પ્રક્રિયા કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૮ કરોડ, વર્ષ ૨૦૨૩- ૨૪માં ૨૨ કરોડ તેમજ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૪૮ કરોડ, એમ કુલ ૮૮ કરોડ આધાર ઓથેન્ટિકેશન રાજ્યભરમાં નોંધાયા છે.

આ ડિજિટલ ગુજરાતના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાતના વિવિધ વિભાગો દ્વારા લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર -માધ્યમથી સહાય ચૂકવવાના ઉમદા આશયથી વર્ષ ૨૦૨૨થી ૨૪ સુધીમાં રાજ્યની ૦૯ વિભાગોની ૨૦૦થી વધુ યોજનાઓની નોંધણી કરવામાં આવી છે. જેના પરિણામે રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ફેસ ઓથેન્ટિકેશનની એપ્લિકેશનના માધ્યમથી ૬૦ લાખથી વધુ નાગરિકોની આધાર નોંધણી થઈ છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ફુંકાતા બર્ફિલા પવન સોરઠમાં પક્ષીઓ ઠુંઠવાઈ ગયા



રાજકોટ, તા. ૨૧

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ ધુમ્મસ સાથે શિતલહેરો ફુંકાતા વાતાવરણ ઠંડુબોળ રહ્યું હતું. ખાસ કરીને બર્ફીલા પવને લોકોને ધ્રુજાવ્યા હતા.દરમ્યાન આજરોજ પણ નલિયા અને રાજકોટમાં સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી. નલિયા ખાતે આજે સવારે ૫.૮ ડિગ્રી અને રાજકોટમાં ૯.૪ ડિગ્રી લઘુતમ તાપમાનથી લોકો ઠુંઠવાયા હતા. જયારે અમદાવાદમાં ૧૪.૪, અમરેલીમાં ૧૧, વડોદરામાં ૧૫, ભાવનગરમાં ૧૪, ભુજમાં ૧૧.૩, દમણમાં ૧૫.૬, ડિસામાં ૧૩.૭, દિવમાં ૧૪.૮, દ્વારકામાં ૧૫, ગાંધીનગરમાં ૧૪.૪, કંડલામાં ૧૪, ઓખામાં ૧૮.૪, પોરબંદરમાં ૧૦.૫, સુરતમાં ૧૬.૪ તથા વેરાવળમાં ૧૪.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

તથા ભાવનગર શહેરમાં આજે શનિવારે લઘુતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું હતું. જયારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા રહ્યું હતું .જ્યારે પવનન ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. લઘુતમ તાપમાન એક ડિગ્રી ઘટતા અને પવનની ઝડપ વધતા ઠંડીની તીવ્રતા વધી હતી.

### સમસ્ત મહાજન દ્વારા

# દિલ્હીમાં નિશુલ્ક પશુ, પક્ષી સારવાર માટે ૨૪-કલાક, ૨ એનિમલ એમ્બ્યુલન્સ શરૂ કરાશે

રાજકોટ:વૈશ્વિક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજન દ્વારા રાજધાની દિલ્હીમાં નિશુલ્ક પશુ, પક્ષી સારવાર માટે ૨૪-કલાક, ૨ એનિમલ એમ્બ્યુલન્સ શરુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. દિલ્હીમાં આ પ્રકારની પ્રથમ પહેલ છે. આ નિશુલ્ક પશુ, પક્ષી સારવાર માટે બે એમ્બ્યુલન્સની સેવા શરૂ થશે, જેમાં એક પશુ ચિકિત્સક અને એક ડ્રાઈવર હશે જેથી તેઓ મુશ્કેલીમાં રહેલા પશુ, પક્ષીઓનો તાત્કાલિક બચાવ કરી શકે અને તેમને સારવાર આપી શકે.

સમસ્ત મહાજન દ્વારા પ્રકૃતિ, પર્યાવરણ અને પશુધનની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે દિલ્હીમાં ધર્મ, મૂલ્યો અને સંસ્કૃતિના રક્ષણ માટે આદરણીય ઋષિ-



મુનિઓ, મહંતો, સમાજના પ્રતિનિધિઓ, ઉમદા લોકો અને પ્રાણીપ્રેમી સજ્જનો સાથે એક વિશેષ રાષ્ટ્રીય ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિલ્હી ખાતે એમ્બ્યુલન્સ શરુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. બેઠકમાં મેટ્રોપોલિટન વિસ્તારોમાં ઈજાગ્રસ્ત પશુ, પક્ષીઓ માટે બચાવ કામગીરીની જરૂરિયાત અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય અને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહે જણાવ્યું હતું કે પ્રાણી કલ્યાણ માટે વર્તમાન પરિસ્થિતિઓને બદલવાની તાતી જરૂરિયાત છે. તેમણે સૌ પશુ પ્રેમીઓ, કાર્યકરો અને પશુ કલ્યાણ સંસ્થાઓ વચ્ચે એક મજબૂત, સહયોગી નેટવર્ક સ્થાપિત કરવા માટેની વાત કરી હતી. મહારાષ્ટ્રની સફળતાનું ઉદાહરણ આપતાં ડૉ. ગિરીશ શાહે જણાવ્યું હતું કે સમસ્ત મહાજન ૨૮ મહિનાથી મુંબઈમાં ૧૧ એમ્બ્યુલન્સ ચલાવે છે. આધુનિક સુવિધાઓથી સજ્જ અને પશુચિકિત્સકોનો સ્ટાફ ધરાવતી, આ એમ્બ્યુલન્સે ૧૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં ૭૪,૦૦૦ થી વધુ પશુ, પક્ષીઓની સારવાર કરી છે. દરેક એમ્બ્યુલન્સને સજ્જ કરવા માટે ૨૫ લાખ અને ચલાવવા માટે દર વર્ષે ૩૦ લાખનો ખર્ચ થાય છે.

# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાની રીવ્યુ મીટીંગ યોજાઈ

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનરશ્રી સ્વપિનલ ખરેની અધ્યક્ષસ્થાને રાજકોટ મહાનગરપાલિકાના આઈ સીડીએસ વિભાગની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાની રીવ્યુ મીટીંગ યોજાઈ.

ગુજરાત સરકાર દ્વારા ચાલતી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત પ્રથમ સગર્ભા અને બે વર્ષના બાળકની માતાને એક કિલો તુવેર દાળ, એક લીટર સીંગતેલ અને બે કિલો ચણા દર મહિને સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. જે આંગણવાડી વર્કરના માધ્યમથી લાભાર્થી સુધી પહોંચાડવામાં આવે છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો લાભ લાભાર્થી સુધી પહોંચતું કરવામાં કાર્યકરની ભૂમિકા અગત્યની છે.

આ મીટીંગમાં વર્કરની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે



અને પ્રોત્સાહન આપવા માટે શ્રેષ્ઠ કામ કામગીરી કરનાર કાર્યકરને પ્રમાણપત્ર સન્માનિત કરવામાં આવેલ છે.

આ મીટીંગમાં રાજકોટ મહાનગરપાલિકાના આઈ. સી. ડી. એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રી શારદાબેન દેસાઈ તેમજ બાળ વિકાસ અધિકારીશ્રી તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગના તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# કમિશનર સિવિક સેન્ટર પહોંચ્યાઃ નવી વ્યવસ્થાની સરપ્રાઇઝ ચકાસણી





રાજકોટઃ મ્યુનિ કોર્પોરેશનના આધાર કેન્દ્ર અને સિવિક સેન્ટરમાં અરજદારોની લાઇન વચ્ચે કમિશ્નરે ખુરશી, છાંયડા, પાણી જેવી વ્યવસ્થા કરાવી છે ત્યારે આજે ફરી કમિશનર તુષાર સુમેરા બંને કેન્દ્રની મુલાકાતે ગયા હતા. આધાર કેન્દ્રમાં ચકાસણી કરીને વ્યવસ્થા ઓકે હોવાનું કહ્યું હતું. ટોકન સિસ્ટમના કારણે લાઇનમાં ઉભા રહેતા લોકોને બેસવા માટે ખુરશીઓ મળી છે. જેથી થોડી શાંતિ થઇ છે. આ બાદ તેઓ સિવિક સેન્ટરમાં ગયા હતા. જન્મના દાખલા માટેના કામનું ભારણ પણ વિભાગ પર વધ્યું છે. અહીં પણ બહાર અરજદારો માટે વધુ ખુરશીઓ મુકવા તેમણે સૂચના આપી હતી જે જોવા મળે છે

# બાલભવનના બાલમહોત્સવમાં ૪૦ મીટર દોડમાં ૧ હજારથી વધુ ભુલકાઓએ દોટ મૂકી વિજેતાઓને સન્માનિત કરાયા



રાજકોટ:બાલભવન રાજકોટ દ્વારા તા. ૧૯ ડિસેમ્બરને ગુરૂવારે સવારે ૮૩૦ થી ધો. ૫ થી ૭ ના બાળકો માટે ૪૦ મીટર દોડ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં બોયઝ અને ગર્લ્સ બન્નેમાં પાંચ પાંચ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. ૪૦ મીટર દોડ સ્પર્ધા બોયઝમાં રોહન દેસાઇ, પાર્થ રાજપરા ,રૂદ્ર સૂચક, વેદ વૈનાણી અને નિરોન્દ્ર રાજપૂત, જયારે ગર્લ્સમાં પૂર્વા ચંદ્રાલા, રાઘવી ડોબરીયા, શ્રેયા મહેતા, નીયતી સાપરીયા અને ત્વીશા પાટડીયા વિજેતા જાહેર થયા હતા.

સ્પર્ધામાં ભાગ લીધેલ ૧૦૦૦ જેટલા બાળકોનો ઉત્સાહ વધારવા ઈન્ડીયા બુલ્સના દિવ્યરાજસિંહ જાડેજા સાથે ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઇ વ્યાસ અને બાળકો દ્વારા રેડ બલુન આકાશમાં ઉડાડી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. તેમજ વિજેતા બાળકોને મેડલ, શિલ્ડ તથા સર્ટિફિકેટ અને ઇનામો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વોર્ડ નં.૩માં સીટી બસના મોટાભાગના રૂટ એકાએક રદ્દ કરતા લત્તાવાસીઓને હાલાકી

## પાંચ મીનીટના અંતરે બબ્બે બસો આવી જતા મુસાફરોને કલાકો બસની રાહ જોવી પડે




રાજકોટઃ સામાન્ય લોકો ઓછા ભાડામાં મુસાફરી કરી શકે તે માટે મનપા દ્વારા સીટી બસનું સંચાલન થાય છે. લોકોની સુવિધા માટે શરૂ કરેલ સીટી બસને હજુ પણ તમામ લત્તાવાસીઓને લાભ મળી રહ્યો નથી. વોર્ડ નં.૩ના સ્લમ ક્વાર્ટર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી મોટાભાગની રૂટોની બસ રદ કરી દેવામાં આવી છે. જેને કારણે વોર્ડ નં.૩ના રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

દર દોઢ પોણા બે કલાકની વચ્ચે બસ આવે છે. જ્યારે બસની જરૂર હોય ત્યારે ન આવતી હોવાથી નાછુટકે લોકોએ મોંઘુ ભાડુ ચુકવી મુસાફરી કરવી પડે છે. હાલ વોર્ડ નં.૩ના સ્લમ ક્વાર્ટરમાં નં.૧૩૧ સામે બસનું સ્ટાર્ટીંગ પોઈન્ટ આવેલ છે. ત્યાંથી રૂટ નં.૧૯ અને ૨૫ ચાલે છે. ઘણીવાર બન્ને બસ ૫ મીનીટના અંતરમાં એક સાથે જતી રહેતી હોવાથી કલાકો સુધી અન્ય બસ મળતી નથી. આથી ૨૦ મીનીટના સમયગાળા દરમ્યાન બસ મુકવા માંગ કરવામાં આવી છે. આ બસોને પહેલાની માફક રામકૃષ્ણ આશ્રમથી ચલાવવા પણ રજુઆત કરાય છે.આ ઉપરાંત નવા રૂટ શરૂ કરવા પણ જણાવ્યું છે. સૌરાષ્ટ્ર યુનિ. જીઆઈડીસી મેટોડાનો સીધો રૂટ આપવા અને એક રૂટ આજી ડેમથી રામવન સુધી, માર્કેટીંગ યાર્ડથી પ્રદ્યુમન પાર્ક સુધી શરૂ કરવા પણ માંગ કરાય છે. વોર્ડ નં.૩માં સીટી બસના રૂટોમાં મોટાભાગના રૂટ રદ કરી નાખી છે અને રેલ્વે સ્ટેશને અને બસ સ્ટેશને થઈને આવતી બપોરના સમયની બસ પણ કાપી નાંખેલ છે. લોકોને સુવિધાને બદલે દુવિધા જેવું થાય છે. ૧૧ વાગ્યા પછી ૨૫ નંબરની બસ સીધી ૩-૧૫ એ મળે છે. નં.૨૫ પહેલા પણ કન્ટીન્યુઅસ ચાલતી હતી .

પણ હાલની તકે બંધ કરવામાં આવેલ છે. ૧૯ નંબર પણ ૧૩-૪૫ પછી સીધી ૧૬-૧૫ કલાકે મળે છે. તો આ બન્ને રૂટો એક ડાયરેક્ટ બસ સ્ટેશન સાથે કનેક્ટ છે. તથા રેલ્વે સ્ટેશન સાથે પણ કનેક્ટ છે. સફાઈ કામદારો બપોરે હાજરી માટે જતા હોય તો બપોરની બસનો કોઈ ટાઈમ નથી. સવારે પણ સફાઈ કામદારો કામે હાજરી ટાઈમે જતા હોય તો તેઓને કોઈ બસ મળતી નથી. નાછુટકે મોંઘા રીક્ષાના ભાડા ખર્ચીને જવું પડતું હોય છે. અમુક વિસ્તારોમાં નવા રૂટો આપવાની પણ ખાસ જરૂર છે. હાલની તકે જે ૨૫ નંબર ચાલે છે.

તેમાં અ બ ક કરી એક રૂટ કાલાવડ થઈ ઝકુસ ચોક થઈ જીવરાજ પાર્ક જાય. આ વિસ્તારમાં આવતા તમામ કોલેજ તથા સ્કુલના વિદ્યાર્થીઓને લાભ મળી શકે. મામલતદાર કચેરીએ જતા લોકોને પણ લાભ મળી શકે. મોબાઈલ એપમાં બસોના ટાઈમટેબલ ટાઈમસર અપડેટ થવા જોઈએ. ડીઝીટલ યુગમાં મોબાઈલ એ બહુ મહત્વની જરૂરીયાત છે.

દરેક સ્ટોપ ઉપર સમયના ટાઈમટેબલ સમયસર મુકાવા જોઈએ. નવા રૂટ શરૂ થયા હોય તેના પણ ટાઈમટેબલના સ્ટીકર લગાવવા રજૂઆત લત્તાવાસીઓ દ્વારા મ્યુનિ. કમિશ્નરને કરાઈ છે.

# મનપા વેરા વસુલાતમાં બે મિલ્કત, બે નળ કપાતની કામગીરી



## છ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ રૂા.૩૨.૩૮ લાખની રીકવરી

રાજકોટ, તા.૨૨

રાજકોટ મનપા વેરા વસુલાત શાખાની વેરા રીકવરી ઝુંબેશમાં આજે બપોર સુધીમાં વધુ બે મિલ્કત સીલ, બે નળ જોડાણ કપાત સાથે રૂા.૩૨.૩૮ લાખની રીકવરી કરવામાં આવી હતી.

મનપા વેરા વસુલાત શાખાએ આજે વોર્ડ નં.૩માં જંકશન પ્લોટ કવિતા એપાર્ટમેન્ટ ફર્સ્ટ ફ્લોર નં. ૧૦૧ અને ન્યુ થોરાળા વિસ્તારમાં ભંગાર ડેલા પાસે ૧-યુનિટને સીલ કરવામાં આવેલ જ્યારે અલ્કા પાર્ક મેઈન રોડ અલ્કા પાર્ક શેરી નં.૧, પારૂલ ગરદન પાછળ અમૃત જલનું નળ કનેકશન અને મારૂતીનગર પટેલ કોલોની પાછળ ૧-યુનીટનું નળ કનેકશન કપાત કરેલ છે.

ઉપરાંત છ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપવામાં આવેલ છે. આજે બપોરના ૧ કલાક સુધીમાં રૂા.૩૨.૩૮ લાખની રીકવરી કરવામાં આવી હતી. આજ દિન સુધીમાં રૂા.૩૨૬.૮૭ કરોડની રીકવરી થયેલ છે.

# ફરિયાદ સંકલનમાં હિરાસર એરપોર્ટ,અટલ સરોવર- ઈશ્વરીયા પાર્કમાં બોટીંગ, સ્માર્ટ મીટર સહિતના પ્રશ્નો ઉછળ્યા

રાજકોટ,તા.૨૧

રાજકોટ જિલ્લાની ફરિયાદ અને સંકલન સમિતીની બેઠક આજે કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને મળી હતી.જેમાં રાજકોટના મહત્વના પ્રશ્નો પદાધિકારીઓ દ્વારા રજુ કરવામાં આવેલ હતાં.જેનું નિરાકરણ કરવા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા અધિકારીઓને તાકીદ કરાયેલ હતી.




બેઠકમાં કલેક્ટરએ હાલમાં ચાલી રહેલા સરકારના ખેલ મહાકુંભ, ટીબી નિર્મૂલન, જળ સંચય અભિયાન, રેશનકાર્ડનું ઈ- કેવાયસી વગેરે કામગીરીની સમીક્ષા કરી હતી. અને ગ્રામ્ય - તાલુકા કક્ષાએ સોશિયલ મીડિયા હેન્ડલર્સને સક્રિય કરવા સૂચના આપી હતી.

નિવાસી અધિક કલેક્ટર કે. એ.ગૌતમે સમગ્ર બેઠકનું સંચાલન કર્યું હતું. જેના અનુસંધાને કલેક્ટરએ અધિકારીઓ સાથે ચર્ચાઓ કરીને પ્રશ્નોનું નિરાકરણ થાય તે અંગે સૂચનાઓ આપી હતી.

સાંસદ રામભાઈ મોકરિયાએ નવા એરપોર્ટ હિરાસર ખાતે ઈમિગ્રેશન અને કસ્ટમ ડિપાર્ટમેન્ટ સહિતની સુવિધાઓ, જનાના હોસ્પિટલમાં પાર્કિંગ અને જાહેર શૌચાલય, નેશનલ હાઈવે પરના બ્રિજ અંગેની કામગીરી, શહેરના મુખ્ય વિસ્તારો અને ખાનગી પ્લોટમાં સ્વચ્છતા જાળવવા બાબતે યોગ્ય નિરાકરણ આવે તે માટે રજૂઆત કરી હતી.

ધારાસભ્ય દર્શિતાબેન શાહે રાજકોટ ખાતેના અટલ સરોવર અને ઈશ્વરીયા પાર્ક ખાતે બોટિંગ પ્રક્રિયા, એઈમ્સ ખાતે બસ સ્ટોપની સુવિધા, જર્જરિત ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ, નવી પદ્મ કુંવરબા હોસ્પિટલમાં પાર્કિંગ વ્યવસ્થાઓ, વન કવચ મોડલ બનાવવા , જ્યુબીલી બાગથી રાષ્ટ્રીય શાળા સુધીના વિસ્તારમાં હેરિટેજ સર્કિટ બનાવવા, જ્યુબીલી ગાર્ડનને વિકસાવવા અને બાગમાં રહેલા બેન્ડ સ્ટેન્ડને રીનોવેટ કરવા, રેસકોર્ષ ખાતે યોજાતા લોકમેળાનું સ્થળ બદલાવવા સહિતની કામગીરી અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

# ગુજરાતે સપ્ટેમ્બરમાં ટેરિફ વધારાનાં કારણે ૮ લાખ ટેલિકોમ ગ્રાહકો ગુમાવ્યાં

## જિયોએ ૯ લાખ, વોડાફોન આઈડિયાએ ૧.૧૧ લાખ, એરટેલે ૭૯૧૩૬ ગ્રાહકો ગુમાવ્યાં બીએસએનએલના ગ્રાહકો વધ્યાં

અમદાવાદ

ખાનગી ટેલિકોમ કંપનીઓ દ્વારા ભાવ વધારાને પગલે ગુજરાતે સપ્ટેમ્બરમાં ૮ લાખથી વધુ ગ્રાહકો ગુમાવ્યાં છે. એરટેલ, વોડાફોન આઈડિયા અને રિલાયન્સ જિયોએ જુલાઈમાં ૧૦ ટકાથી ૨૭ ટકા સુધીનાં ટેરિફ વધારો અમલમાં મૂક્યો હતો, જેનાં કારણે ઘણાં સબ્સ્ક્રાઈબર્સને તેમનાં બજેટનું સંચાલન કરવામાં મુશ્કેલી પડી રહી હતી. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરની ટેલિકોમ સબસ્ક્રિપ્શન્સ રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાતમાં ગ્રાહકોની કુલ સંખ્યા ઓગસ્ટમાં ૬.૫૯ કરોડની સરખામણીએ સપ્ટેમ્બરમાં ઘટીને ૬.૫૧ કરોડ થઈ ગઈ છે. રિલાયન્સ જિયોએ ૯ લાખથી વધુ યુઝર્સ ગુમાવીને આ યાદીમાં ટોચ પર છે. વોડાફોન આઈડિયાએ ૧.૧૧ લાખ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યાં જ્યારે એરટેલે ૭૯૧૩૬ સબ્સ્ક્રાઈબર્સ ગુમાવ્યાં હતાં.



બીએસએનએલ એકમાત્ર એવી કંપની હતી જેમાં ૧.૩૧ લાખ વપરાશકર્તાઓ ઉમેરાયા હતાં.

ટેલિકોમ ઉદ્યોગનાં એક સ્ત્રોતે જણાવ્યું હતું કે ''ટેરિફ વધારાએ મોટા પાયે અસર કરી છે જેનાં કારણે સબ્સ્ક્રાઈબર્સે બીએસએનએલ પર પોર્ટ કર્યું છે, જે એકમાત્ર ખેલાડી છે જેણે દરોમાં વધારો કર્યો નથી.

તે જ સમયે, સબ્સ્ક્રિપ્શન્સમાં ઘટાડો એ ગ્રાહક વર્તણૂકમાં ફેરફાર સૂચવે છે, ખાસ કરીને ડ્યુઅલ-સિમ વપરાશકર્તાઓમાં. ઘણાં ગ્રાહકો, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, વધારાનાં ટેરિફને કારણે ખર્ચ ઘટાડવા માટે માત્ર એક સિમ કાર્ડ રાખવાનું પસંદ કરી રહ્યાં છે. સેકન્ડ સિમનો ઉપયોગ ઘણીવાર ઈન્ટરનેટ એક્સેસ કરવા માટે સસ્તાં ડેટા પ્લાન માટે કરવામાં આવે છે.''

તેમણે વધુમાં જણાવ્યું કે વધુ સબ્સ્ક્રાઈબર્સને આકર્ષવા અને બજાર હિસ્સો પાછો મેળવવા માટે, બીએસએનએલે સ્પામ બ્લોકર, ઓટોમેટેડ સિમ કિઓસ્ક અને ડાયરેક્ટ-ટુ-ડિવાઈસ સેવાઓ સહિત નવી પહેલોની શ્રેણી શરૂ કરી, જેનાં કારણે કંપનીએ કેટલાક સબ્સ્ક્રાઈબર્સ મેળવ્યાં હતાં.ખાનગી ઓપરેટરોએ ઓક્ટોબર અને નવેમ્બરમાં ગ્રાહકો ગુમાવ્યાં હતાં.ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થવાનો ટ્રેન્ડ માત્ર ગુજરાતમાં જ નથી. સમગ્ર ભારતમાં, સપ્ટેમ્બરમાં સબ્સ્ક્રાઈબર્સ ઘટીને ૧.૧૫૬ બિલિયન થઈ ગયાં છે.

# નંબર પ્લેટમાં છેડછાડ કરતા ચેતજો! રાજકોટ પોલીસે ડ્રાઈવ યોજી ૨૩૩ વાહનો ડિટેઈન કર્યા

### DCPએ કહ્યું- હવે મામૂલી દંડ ભરીને નહીં છૂટી શકો

રાજકોટઃ રાજકોટ પોલીસ દ્વારા ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં ટ્રાફિક પોલીસ ઉપરાંત સ્થાનિક પોલીસ પણ જોડાઈ હતી. આ દરમિયાન નંબર પ્લેટ વિનાના અને નંબર પ્લેટમાં છેડછાડવાળા ૨૩૩ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ અંગે ટ્રાફિક પૂજા યાદવે જણાવ્યું હતું કે, હવે નંબર પ્લેટ કે લાયસન્સ વિનાનાં વાહનો લઈ નીકળતા લોકો દંડ દઈને છૂટી શકશે નહીં તેમજ ૧૮ વર્ષથી નીચેના બાળકો વાહન ચલાવતા ઝડપાય તો વાહન ડિટેઈન કરવામાં આવશે ત્યારે લોકોને સાવચેતી રાખવા માટે અપીલ પણ તેમણે કરી છે.

DCP પૂજા યાદવનાં જણાવ્યા મુજબ ગઈકાલે એક ખાસ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. કામગીરીમાં ટ્રાફિક ઉપરાંત ઝોન-૧ અને ઝોન-૨ના



તમામ પોલીસ અધિકારીઓએ ભાગ લીધો હતો. પોલીસ દ્વારા ખાસ કરી નંબર પ્લેટ વગરની મોટર સાયકલ, રીક્ષા તથા ફોર વ્હીલર્સ મોટી સંખ્યામાં ડિટેઈન કરાયા હતા. આ દરમિયાન ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ૯૧ મોટરસાયકલ, ૨ ટ્રેક્ટર, ૨૨ રીક્ષા મળી ૧૧૫ વાહનો ડિટેન કરાયા હતા. જ્યારે ઝોન-૧ વિસ્તારનાં પોલીસ અધિકારીઓએ ૫૬ મોટરસાયકલ, ૨ કાર તથા ૧ રીક્ષા મળી કુલ ૫૯ વાહનો ડિટેઈન કર્યા હતા. તેમજ ઝોન-૨ વિસ્તારના અધિકારીઓ દ્વારા ૫૯ મોટર સાયકલ ડિટેઈન કરવામાં આવ્યા હતા.

વધુમાં તેમણે જણાવ્યુ કે, લોકો ઈ-મેમોથી બચવા માટે એક નંબર પ્લેટ કાઢી નાખે છે અથવા નંબર પ્લેટના કોઈ એક આંકડામાં છેડછાડ કરે છે. આવી છેડછાડ બાદ જો અકસ્માત સર્જાય તો આરોપીને ઝડપી લેવો પણ મુશ્કેલ બનતો હોય છે. જેને લઈને ટ્રાફિક ડ્રાઈવમાં આવા લોકો પર ખાસ નજર રાખવામાં આવી હતી. અત્યાર સુધી આવા લોકો સ્થળ ઉપર મામૂલી દંડ ભરીને છૂટી જતા હતા પરંતુ, હવે આવું ચલાવી લેવામાં આવશે નહીં. આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન કુલ ૨૦૬ ટુ-વ્હીલર્સ, ૨ કાર, ૨ ટ્રેક્ટર્સ અને ૨૩ રીક્ષા મળી ૨૩૩ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે.સગીરોનાં લાયસન્સ વિના વાહન ચલાવવા અંગે તેમણે જણાવ્યું હતું કે, ૧૮ વર્ષથી નીચેના લાયસન્સ વિનાના લોકોએ વાહન ચલાવવું એ ગુનો છે. સાથે આ બાળકોને વાહન ક્યાં કેટલી સ્પીડમાં ચલાવવું તેનો ખ્યાલ હોતો ન હોવાને કારણે અકસ્માત થવાની શક્યતા વધે છે. ત્યારે વાલીઓએ સામેથી બાળકોને વાહન ચલાવવા આપવા જોઈએ નહીં. આવા કિસ્સામાં વાહન ચાલક અને તેની સામેવાળાનાં જીવનું પણ જોખમ થવાની શક્યતા હોય લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે તેમજ નંબર પ્લેટમાં ચેડાં થવાનાં કારણે પણ અકસ્માત સર્જાયા બાદ આરોપી ભાગી છુટતા હોવાથી હાલ આ બાબતો પર ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. આ સાથે લોકોને ટ્રાફિકનાં નિયમો પાળવાની અપીલ પણ તેમણે કરી હતી.

# સરકારી પરીક્ષાઓના ઉમેદવારોને એસ.ટીમાં પરીક્ષા સ્થળ સુધી આવવા જવા સરકાર નિઃશુલ્ક વ્યવસ્થા કરે

- **ફક્ત એસ.ટી, એસ.સી ઉમેદવારો જ નહીં પરંતુ તમામ વર્ગના ઉમેદવારોને વિનામૂલ્યે એસ.ટી સુવિધા આપે મુખ્યમંત્રીને રજૂઆત**
- **એક ને ગોળ અને બીજાને ખોળની નીતિ બંધ કરો, તાયફાઓ બંધ કરી સરકાર બેરોજગારો માટે સહાનુભૂતિ દાખવે**






રાજકોટ, તા. ૨૨: ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઇન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, પટેલ નાગજીભાઈ વિરાણી, જયંતીભાઈ હિરપરા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, સરલાબેન પાટડીયા, કૈલાશબેન વાઘેલાની સંયુક્ત યાદી જણાવે છે કે ચાલુ માસ દરમિયાન બે સરકારી પરીક્ષાઓ લેવામાં આવનારી છે જેમાં તારીખ ૨૨/૧૨ રાજ્યભરમાં જી.એસ.ટી ઇન્સ્પેક્ટરો અને તારીખ ૨૯/૧૨ એસ.ટીના કંડક્ટરો માટેની પરીક્ષા છે. બંને પરીક્ષાઓ માટે ૧.૩૦ લાખ ઉમેદવારો પરીક્ષામાં બેસવામાં આવનાર છે. આ માટે એસ.ટી નિગમે રેગ્યુલર ૪ થી ૫ હજાર બસો ઉપરાંત ૧૦૦ થી વધુ એકસ્ટ્રા બસો દોડાવનાર છે. રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૮૦૦ થી વધુ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવશે.

કંડકટરની ઓએમઆર લેખિત પરીક્ષામાં ૩૫,૨૨૧ ઉમેદવારો પરીક્ષામાં બેસવામાં આવનાર છે. આ પરીક્ષામાં બેસનારા એસ.સી, એસ.ટી ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી એસ.ટી દ્વારા નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવશે. અમારી માંગ છે કે તમામ વર્ગના ઉમેદવારોને એસ.ટી માં નિઃશુલ્ક મુસાફરી આપવી જોઈએ. એકને ગોળ અને બીજાને ખોળની નીતિ રાજ્ય સરકાર બંધ કરે. જી.એસ.ટી ઇન્સ્પેક્ટર અને કંડક્ટરોના ઉમેદવારોને રહેઠાણથી પરીક્ષાના સ્થળ સુધી તમામને એસ.ટીમાં મફત મુસાફરી આપવા માટે રાજ્ય સરકાર યોગ્ય કરે. અન્ય રાજ્યોમાં બેરોજગારોને પરીક્ષા કેન્દ્ર સુધી અવર જવર કરવા માટે સરકાર વ્યવસ્થા કરી આપે છે. ત્યારે નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં બેરોજગારોને હળાહળ અન્યાય શા માટે ? બેરોજગારોની ક્રૂર મશ્કરી કરવાનું સરકાર બંધ કરે ? ભૂતકાળમાં જ્યારે લોકરક્ષક દળના પેપરો ફૂટી ગયા હતા. ત્યારબાદ પરીક્ષા લીધી ત્યારે એસ.ટી.માં સરકારે તમામ વર્ગના ઉમેદવારોને કોલ લેટરોના આધારે મફત મુસાફરી કરવા દીધી હતી તો હાલ ચાલુ માસમાં યોજાનાર આ બંને પરીક્ષામાં વહાલા દવલાની નીતિ શા માટે ?

ગુજરાતમાંથી સરકારે ૧૧ હજાર કરોડ રૂપિયાના રસ્તા બનાવ્યા અને ૧૯ કરોડ રૂપિયા કટકટાવ્યા છે. આધારકાર્ડ, પાનકાર્ડ લિંક ન હોય તેવા લોકોના ૯૦૦ કરોડ રૂપિયા પેનલ્ટી કરી છે. ગુજરાત એસ.ટી એ ૨૫% ભાડા વધારો કરતા ગુજરાતીઓ પાસેથી વાર્ષિક ૧૨૦૦ કરોડ રૂપિયાની આવક કરી છે. જીએસટી અને અન્ય તોતિંગ વેરાઓ ગુજરાતની પ્રજા ભરી રહી છે. સરકાર પોતાના તાયફાઓ બંધ કરે નરેન્દ્રભાઈ ના ૧૦ થી ૧૫ કરોડના અમેરિકી ડોમ બંધ કરો અને બેરોજગારોને એસ.ટીમાં પરીક્ષા આપવા આવવા જવા ભાડું આપો.

પરીક્ષા કેન્દ્રો પર સીસી ફૂટેજ અને કેમેરાઓ ઉપલબ્ધ હોવા છતાં સરકાર ઉમેદવારોને પોતાના રહેઠાણ સ્થળથી પરીક્ષા કેન્દ્ર ૩૦૦ કિલોમીટર દૂર ધકેલે છે. જે પગલે મહિલા ઉમેદવારોની હાલત કફોડી બને છે અને તેની સાથે તેના વાલી વારસદારોએ પણ એક દિવસ અગાઉ જવું પડતું હોય છે.

રાજ્ય સરકારની ભાડું દેવાની દાનત ન હોય તો અમારી માંગ છે કે દરેક ઉમેદવારોને પોતાના રહેઠાણ સ્થળથી ૨૫ કિલોમીટરથી વધુ દુર પરીક્ષા કેન્દ્રો ન ફાળવે. ઉપરોક્ત આગેવાનોએ વધુમાં જણાવ્યું છે કે પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર તમામ ઉમેદવારોને એસ.ટી ભાડું આપવા, રહેવા જમવાની સુવિધા સહિતના થતા ખર્ચ અંગે તમામ ઉમેદવારોના એકાઉન્ટમાં રૂપિયા એક હજાર જમા કરવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરી છે.

ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઇન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, મેઘજીભાઈ રાઠોડ, પટેલ નાગજીભાઈ વિરાણી, સરલાબેન પાટડીયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, કૈલાશબેન વાઘેલા.

# ધારી તાલુકા યુથ કોંગ્રેસ સમિતીની ટીમ જાહેર કરતા ધારી તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ કલ્પેશ ચાવડા




અમરેલી, તા. ૨૨: અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ ના પ્રમુખ શ્રી સંદીપ ધાનાણીની સૂચના થી *૯૪ ધારી વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ રોહીત સરધારા દ્વારા ધારી તાલુકા માં યુવક કોંગ્રેસને વધુમાં વધુ મજબૂત બનાવી છેવાડાના માનવીના પ્રશ્નોને વાચા આપવા માટે *ધારી તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ કલ્પેશ ચાવડા ની ટીમ ની નિમણુંક કરવામાં આવી જેમાં ધારી તાલુકા યુથ કોંગ્રેસ ઉપ પ્રમુખ તરિકે ઇકબાલ સવંટ, ઉપ પ્રમુખ તરીકે નરેશ કિકાણી મહામંત્રી તરીકે કુલદીપભાઈ મકવાણા મહામંત્રી તરીકે રાજેશભાઈ બારૈયા સંગઠન મંત્રી તરીકે ચોહાણ અક્ષયભાઈ મંત્રી તરીકે યુવરાજભાઈ વાળા, મંત્રી તરીકે મકવાણા ગોવતમ, મંત્રી તરીકે જયેશ વણજારા, મંત્રી તરીકે મિતુલ દાફડા, મંત્રી તરિકે અલ્પેશ મકવાણાની નિમણુંક કરવામાં આવી. ઉપરોક્ત નિમણુંકને અમરેલી જિલ્લાના કોંગ્રેસના આગેવાન અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણી સુરેશભાઈ કોટડીયા, ધારી તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ રવિ હિરાણી, પ્રદીપ કોટડીયા, દિલીપ સાવલિયા, ધારી તાલુકા.

# પ્રવેશ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને પીએચ.ડી.માં પ્રવેશ મામલે કોંગ્રેસનો કુલપતિની ઓફીસમાં હલ્લાબોલ : તાળાબંધી કરી

## ■ કુલપતિને સલાહકારો બદલવા કોંગ્રેસ સૂચન : બાકી તમારૂ નાવ ડૂબશેના આક્ષેપો



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

રાજકોટ, તા. ૨૨ઃ વિવાદોનો મધપૂડો કહી શકાય એવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા પીએચ.ડી.ની પ્રવેશ પ્રક્રિયામા પણ કઈકને કઈક વિવાદો વકર્યા કરે છે તેમ આ વર્ષે પણ પીએચડીની ૮૦% સીટો ખાલી રહેતા બે દિવસ પહેલા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત અને તેની ટીમે કુલપતિને રજૂઆત કરીને નિર્ણય બદલાવવા ચિમ્મકી ઉચ્ચારી હતી અને અલ્ટીમેટમ આપ્યુ હતુ જેને લઈને આજે કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરોએ કુલપતિની ઓફિસનો ઘેરાવ કરીને હલ્લાબોલ કર્યો હતો અને તાળાબંધી કરી હતી.કોંગ્રેસની સ્પષ્ટ માંગ હતી કે તમે પીએચ.ડી.ના પ્રવેશમા યુજીસીના નિયમોની હઠ પકડીને પ્રક્રિયા જટિલ બનાવી હતી અને બાદમા સીટો ખાલી રહી તો કેમ મનગણત નિર્ણયો લ્યો છો ! વિદ્યાર્થી કાર્યકરોની સ્પષ્ટ માંગ છે કે જે વિદ્યાર્થીઓએ ભૂતકાળમા સૌ.યુની.ની જ પીએચડી પ્રવેશ પ્રક્રિયા પાસ કરી છે તેઓને જે તે સમયે ગાઈડોના અભાવે પ્રવેશ નોહતો મળ્યો તો એમને પણ ખાલી રહેલ સીટોમા રજીસ્ટેશન કરી તક આપવી જોઈએ. પરંતુ કુલસચિવે ખાલી સીટોમા માત્ર જીસેટ અને જીઆરફ પાસ ઉમેદવારોને જ રજિસ્ટ્રેશન માટેના નિયમો બનાવતાં વિદ્યાર્થીઓમા રોષ જોવા મળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે જીકાસ મારફત ઓનલાઈન ફોર્મ ભરવાનું ૧ ઓક્ટોબરથી શરૂ થઈ ગયું હતુ ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મોડે મોડેથી ૫ ઓક્ટોબરના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓએ NET એટલે કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓને જ પીએચ.ડી.માં એડમિશન મળશે. જેનાથી ભૂતકાળમાં પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા પાસ કરી છે તેવા હજારો વિદ્યાર્થીઓએ પાસ કરેલી હતી તેઓની પરીક્ષા રદ થઈ ગઈ હતી . ફરજિયાત હોવાને લીધે ૨૧૨ માંથી ૧૬૯ સીટ ખાલી રહી હતી અને ૫૫ સીટ જ ભરાઈ હતી.

ગુજરાતમાં એકમાત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક એજ પીએચ.ડી.માં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા લીધી નથી અને ગઊજ પાસ ફરજીયાતનો નિર્ણય પણ માત્ર અહીંયા રાખતા ખાસ કરીને સૌરાષ્ટ્ર યુનીના વિદ્યાર્થીઓને પીએચડીમા પ્રવેશના સપના રોળાયા હતા.ગુજરાત યુનિવર્સિટી,સરદાર પટેલ યુની. સહિતની મોટી યુનિવર્સિટીઓએ પણ નેટ ફરજિયાત નોહતી રાખી કારણ કે નેટની પરીક્ષા પાસ થવાનો રેશિયો આપણા રાજ્યના ખુબ ઓછો છે જેથી ખાસ આપણા વિદ્યાર્થીઓનુ હિત સચવાઈ અને તે સરકારી ફીના ધોરણે સંશોધનો કઈ શકે એ માટે પીએચ.ડીની પ્રવેશ સરળ રાખ્યો હતો.પરંતુ સૌ.યુની.ના સતાધિસો ક્વોલિટીના બણગાઓ ફૂકીને વાહવાહી કમાવવા નીકળ્યા હતા પણ તેઓને નથી ખબર કે યુજીસી નિયમો મુજબ તો પોતે પણ ગેરલાયક ઠરે છે અને વ્હેલા ઘરભેગા થશે ! UGCના નિયમોની વાત કરતા સતાધિસોએ થોડા સમય અગાવ કાર્યકારી રજિસ્ટારને કાયમી કરવા ભરતી પ્રક્રિયામા નિયમોનુ છેડછાડ કરી હતી.ઇન્ચાર્જ રજિસ્ટાર પર ધારી કોલેજ પ્રકરણમા સરકારે ખાતાકીય પગલા લેવાની પત્ર દ્વારા સૂચના આપી છે તેમ છતા તેના કેમ પગલા લેતા ડરો છો ? ત્યા કેમ નિયમો નથી લાગુ પડતા ! તેવા વેધક સવાલો કોંગ્રેસે કર્યા હતા.

યુનિવર્સિટીએ ત્રણ દિવસ અગાવ નવો પરિપત્ર કર્યો કે પીએચડીમા ખાલી સીટો રહેતા હવે GSET (ગુજરાત સ્ટેટ એલીજીબિલીટી ટેસ્ટ) અને JRF (જુનિયર રિસર્ચ ફેલોસીપ) ની પરીક્ષા પાસ કરેલી છે અને અગાઉ નેટ પરીક્ષા પાસ કરેલી છે તેઓને પણ પ્રવેશ આપીશુ તો અગાઉ જેઓએ પીએચ.ડી.માં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા પાસ કરેલી છે અને ગાઈડના અભાવે પીએચ.ડી. નથી કરી શક્યા તેઓને વંચિત કેમ રાખવામા આવ્યા ? સતાધિસોના મનગણત નિર્ણયના લીધે પીએચડીમા એડમિશન માટે હવે ફરી વખત ડી.આર.સી.ગોઠવવી પડશે અને તેમાં એક્સપર્ટને બોલાવવાનો સહિતનો અંદાજે રૂ. ૨૦ લાખનો ખર્ચ બીજી વખત થશે! સતાધિસોને વિદ્યાર્થીઓના હક પૈસા પાણીની જેમ ઉડાડવાની ટેવ હજુ નથી ગઈ તેવા કોંગ્રેસ દ્વારા આક્ષેપો કરવામા આવ્યા હતા.

રોહિતસિંહ રાજપૂતે કહ્યું હતુ કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સતાધિસોએ એક વખત નિર્ણય કર્યા બાદ કેમ પોતાના જ નિર્ણયને બદલવો પડે ? અમારી સ્પષ્ટ માંગ છે કે જો નિયમ ઘડો તો તેનુ અમલીકરણ કરવા છેલ્લે સુધી સુનિશ્ચિત રહો અન્યથા જો તે નિર્ણયમા ઇન્ચાર્જ કરવા ઇચ્છો છો તો તમારૂં હિત નહી વિદ્યાર્થીઓનુ હિત ઇચ્છીને જ ફેરફાર કરો. આજના વિરોધપ્રદર્શનમા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત,જીત સોની, યશ ભીંડોરા, પ્રશીલ રાજદેવ, રાજ પટેલ, પ્રદ્યુમન બારડ, સુનિલ સોરઠિયા, મોહીદ સેતા, હેત પટેલ સહિત જોડાયા હતા.

# ધોરાજીમાં ચાલી રહેલા રોડ રસ્તાના કામમાં લોટ પાણીને લાકડા છતાં તંત્રનું ભેદી મૌન


## રોડ રસ્તાની નબળી કામગીરી ચાલતી હોવાની અનેક ફરિયાદ, કોન્ટ્રાક્ટર ઉપર તંત્રની મીઠી નજર

ધોરાજી, તા. ૨૨ઃ ધોરાજી શહેરમાં નગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં રોડ રસ્તા ના કામો ચાલી રહ્યા છે જે કામોમાં અત્યંત નબળી ગુણવત્તાનું મટીરીયલ વપરાઈ રહ્યું હોય જેવી લોક ફરિયાદો અનેક વિસ્તારોમાંથી ઉઠી રહી છે ત્યારે તંત્ર આ મામલે શા માટે મૌન સેવી રહ્યું છે. તે સવાલ ઉઠી રહ્યા છે.

ધોરાજી શહેરના વિવિધ વિસ્તારોમાં હાલ ડામર રોડના કામ ચાલી રહ્યા છે શહેરના મુખ્ય માર્ગો અને સોસાયટી વિસ્તારોમાં રોડ રસ્તા ના કામો થઈ રહ્યા છે જે કામોમાં ગુણવત્તા જળવાતી ન હોય તેવી ફરિયાદો લોકોમાંથી સતત ઉઠતી રહી છે લોકોની અનેક રજૂઆતો છતાં પણ તંત્ર દ્વારા રોડ રસ્તાના મામલે જનતાની અવાજ સાંભળવામાં આવતો નથી.

તાજેતરમાં થોડા સમય પહેલા પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ રોડ રસ્તાની નબળી કામગીરી થતી હોવાથી વોર્ડ નંબર નવમાં બસ સ્ટેશન પાસે કામ ચાલી રહ્યું હતું ત્યારે સ્થળ પર જઈ મટીરીયલ ની ગુણવત્તા ચકાસવાનું કહેતા ખુદ કોન્ટ્રાક્ટર ના મજૂરોએ સ્વીકાર્યું હતું કે ડામરમાં જે હીટ જોઈએ તે પ્રકારની નથી સ્થાનિક ભાજપના આગેવાન પણ આ મામલે કોન્ટ્રાક્ટર ની કામગીરી પ્રશ્ન સવાલ ઉઠાવ્યો હતો અને કામ બંધ કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્ટેશન પ્લોટ વિસ્તારમાં પણ નબળું મટીરીયલ વાપરવામાં આવતું હોવાથી સોસાયટીના લોકોએ પણ રોડનું કામ બંધ કરાવ્યું હતું.





તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

તાજેતરમાં પ્લોટ વિસ્તારમાં જે નબળી કામગીરી થઈ રહી છે રોડની રોડ બન્યાના તુરંત બાદ રોડ પરથી કાંકરીઓ નીકળી જતી હોય અને હાથ વડે ડામર રોડ ઉખાડી શકાતો હોય તેવો વિડીયો ધોરાજી શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ વોરાએ વાયરલ કર્યો હતો વિવિધ રોડ પર નબળી કામગીરીના પુરાવા તેમણે સોશિયલ મીડિયા પર મૂક્યા હતા આગેવાનો અને લોક ફરિયાદો ઉઠતી હોવા છતાં તંત્ર શા માટે કોન્ટ્રાક્ટરોને છાવરી રહ્યું છે તે સમજાતું નથી શહેરમાં લોટ પાણી અને લાકડા સમાન રસ્તાનો કામો ચાલી રહ્યા હોય ત્યારે કોન્ટ્રાક્ટર કોની મીઠી નજર હેઠળ સલામત છે અને મનસ્વી રીતે નિયમોનો ઉલાળીયો કરી રોડ રસ્તાના કામો કરતા હોય તેમની પાછળ કોનું પીઠબળ છે તેના પર પ્રશ્નાર્થ ઉઠી રહ્યો છે.

# વેરાવળ બાર એસો.ના પ્રમુખ પદે હેટ્રીક નોંધાવતા સીનીયર એડવોકેટ એસ.એન.સવાણી

### ■ વેરાવળ બાર એસો.ની રસાકસીભરી ચુંટણી યોજાઈ

વેરાવળ, તા. ૨૨ઃ વેરાવળ બાર એસોસીએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ટ્રેઝરર સહીતના સભ્યોની ચૂંટણી યોજાયેલ જેમાં પ્રમુખ પદે સતત ત્રીજી વખત સીનીયર એડવોકેટ એસ.એન. સવાણીનો જવલંત વિજય થયેલ છે. પ્રમુખ સહિત તમામ વિજેતા ઉમેદવારોને સાથી વકીલ મીત્રોએ હારતોરા કરી આવકાર્યા હતા.

વેરાવળ બાર એસો.ની ચૂંટણીના ચુંટણી અધિકારી કરશનભાઈ રાઠોડના



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

જણાવ્યા મુજબ બાર એસો.ની ચુંટણીમાં પ્રમુખ તરીકે એમ.પી.કારીયા તથા એસ.એન. સવાણીએ ઉમેદવારી કરેલ જેમાં સૂર્યકાંતભાઈ સવાણીને ૨૧૪ તથા એમ.પી.કારીયાને ૮૨ મત મળતા ૧૩૨ મતોથી એસ.એન.સવાણીનો પ્રમુખ તરીકે વિજેતા જાહેર થયેલ હતા. જયારે ઉપપ્રમુખ રાજેશભાઈ દરી, સેક્રેટરી બકુલાબેન ડાભી, જો.સેક્રેટરી નીકુંજ સીકોતરા, ખજાનચી અનસુયાબેન ચોમલ, લાઈબ્રેરીયન સંજયભાઈ પંપાણીયા, એલ.આર. પુષ્પાબેન નથવાણી તેમજ કારોબારી સભ્યોમાં રોહન ધોળીયા, હીતેન્દ્ર જેઠવા, વિશાલ ડાભી, આકાશ પરમાર, નારણભાઈ મેર, મેહુલ ધોળીયા, નગીન ચોરવાડી, મયુરભારથી ગૌસ્વામી, અજય તન્ના, મુકેશ મોરી, દેવેન્દ્ર ચોપડા, અખ્તરહુસેન ખાન, માધવ કકકડ, ફૈઝલ હાલાઈ, હુસેનભાઈ જીકાણીની વરણી કરાયેલ હોવાનું જણાવેલ છે.

# ધોરાજીમાં વિકાસના કામ મુદ્દે ભાજપ કોંગ્રેસ આમને સામને

- **વહીવટદારના શાસનમાં થઈ રહેલ વિકાસના કામોમાં ભયંકર ભ્રષ્ટાચાર થતો હોવાનો શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ વોરાનો આક્ષેપ**
- **કોંગ્રેસ સત્તા મેળવવા માટે હવાતિયા મારી રહી છે :- રાજેશભાઈ બાલધા (પ્રમુખ શહેર ભાજપ)**


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૨૨ઃ આગામી નગરપાલિકાની ચૂંટણીઓને લઈ એક તરફ રાજકારણ ગરમાઈ રહ્યું છે. ત્યારે બીજી તરફ ધોરાજી શહેરમાં નગરપાલિકા દ્વારા ચાલી રહેલા કામોને લઈ આક્ષેપ પ્રતિ આક્ષેપ થઈ રહ્યા છે.

ધોરાજી શહેરમાં રોડની બંને તરફ ફૂટપાથ રીનોવેશનઅને પેવર બ્લોક નું કામ ચાલે છે. જે મામલે ધોરાજી શહેર કોંગ્રેસના પ્રમુખ દિનેશભાઈ વોરાએ આક્ષેપ કરતાં જણાવેલ કે હાલ જે ફૂટપાથ રીનોવેશનની કામગીરી ચાલે છે તે અત્યંત નબળી કામગીરી ચાલી રહી છે કોન્ટ્રાક્ટર દ્વારા શરતોનું પાલન કરવામાં આવતું નથી મટીરીયલ પણ નબળી ગુણવત્તાનું વાપરવામાં આવે છે અને આ મામલે તંત્ર પણ મૌન જેવી રહ્યું છે આ ઉપરાંત કોન્ટ્રાક્ટર પાસેથી ભાજપ દ્વારા ફંડ લેવામાં આવ્યું હોવાનું આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ ધોરાજી શહેર ભાજપના પ્રમુખ રાજેશભાઈ બાલધાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષથી સરકાર શ્રી હસ્તક વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે અગાઉ કોંગ્રેસના શાસનકાળ દરમિયાન જે કામો બાકી રહી જવા પામ્યા હતા તેવા વિકાસના કામો હાલ નગરપાલિકા દ્વારા ચાલી રહ્યા છે જેમાં કોંગ્રેસ શહેરમાં થઈ રહેલા વિકાસને અટકાવવા અને હવનમાં હાડકા નાખવાની ભૂમિકા ભજવી રહ્યું છે કોંગ્રેસ સત્તાથી દૂર હોય જેથી આગામી નગરપાલિકામાં સત્તા મેળવવા માટે હવાતીયા મારી રહ્યા છે ઉપરાંત ફંડ માટેના આક્ષેપો તદ્દન પાયા વિહોણા છે ઉલટા એવું બની શકે કે કોંગ્રેસ પાસે સત્તા ન હોય અને તેઓનો કોઈ અંગતહિત ન સચવાતું હોય જેથી તેમની પીડા બહાર આવતી હોય તેવું લાગી રહ્યું છે. હાલ ધોરાજી શહેરમાં નગરપાલિકા દ્વારા ફૂટપાથોનું

રીનોવેશન કરવાનું કામ ચાલી રહ્યું છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને બાજુએથી વિકાસની કામગીરીને લઈ આક્ષેપ પ્રતિ આક્ષેપ થઈ રહ્યા છે.

# ગીર સોમનાથમાં કેમીકલયુક્ત તાડીના વેંચાણનો LCBએ પર્દાફાશ કરી મહારાષ્ટ્રના ત્રણની ધરપકડ કરી

- **એક માસ પુર્વે તાડીના થયેલ કેસની તપાસમાં કેમીકલ પાવડરથી તાડી બનાવાતી હોવાનું સામે આવતા એલસીબીએ તપાસ આગળ ધપાવેલ**



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૨ઃ ગીર સોમનાથ જીલ્લા સહિત રાજ્યમાં ગેરકાયદેસર રીતે વેંચતા તાડી જેવા નશીલા દ્રવ્યોમાં પણ કેમીકલની ભેળસેળ થતી હોવાનો એલસીબીએ પર્દાફાશ કરી કેમીકલ ફેકટરીના સંચાલકની, તાડીના વેપારી અને તાડીનું વેંચાણ કરતા મહારાષ્ટ્રના ત્રણ શખ્સોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતોનુસાર એક માસ અગાઉ જીલ્લાના સુત્રાપાડા પોલીસે પંથકના પ્રાંચી ઘંટીયા ગામે દુર્ગાપ્રસાદ ઉર્ફે દિલીપ લીગીંગીયા ઉ.વ.૪૧ ના ઝુંપડા ઉપર દરોડા પાડીને પાસ પરમીટ વગર તાડી ભરેલ પ્લાસ્ટીકની કોથળીએ નંગ ૮ જેમાં આશરે તાડી લી.૪ નો પ્રોહી મુદામાલ જપ્ત કરી તેની પુછપરછ કરતા આર્થિક ફાયદા માટે કુદરતી ઝાડ પરથી મળી આવતી તાડી પુરતા પ્રમાણમાં ન મળતી હોવાથી સંતરામપુરના શ્રીનિવાસ ઉર્ફે ચીનુ નરસિંહમા દેંકલાનો સંપર્ક કરી તાડી બનાવવા માટે જરૂરી કેમીકલ યુકત કલોરલ હાઈટ્રેડ પાવડર મંગાવેલ જેનું પાર્સલ એસટી બસ મારફતે સંતરામપુર થી કોડીનાર સુધી આવેલ અને તેના પૈસા ઓનલાઈન ટ્રાન્સફર કરી આપેલ હતા. જેથી સંતરામપુરથી ચીનુંની અટક કરી તપાસ આગળ વધારી હતી.

દરમ્યાન મળેલ માહિતીને લઈ એલસીબી પીઆઈ એ.બી. જાડેજાની સુચનાથી પીએસઆઈ એ.સી.સિંધવએ ચીનુંને કેમીકલનો પાવડર મોકલનાર મહેશ પોનચેટ્ટી મુંબઈ હોવાની માહિતી મળતા ત્યાં પહોંચી તેને પકડી પાડી પુછપરછ કરી હતી. જેમાં પ્રકાશ ઉર્ફે પપ્પુ પાસેથી કલોરલ હાઈટ્રેડ પાવડર મંગાવતો હોવાનું અને આ પ્રકાશ પોતાના પાર્ટનર તિરૂપતિ બંન્ને મહારાષ્ટ્રના પાલઘર જીલ્લાના અમરાપુર ગામમાં રાજહંસ કેમીકલ નામની કંપની ચલાવતા હોવાનું જાણવા મળેલ હતુ. જેના આધારે સ્થાનીક પોલીસની મદદથી મહારાષ્ટ્રના મુંબઈથી (૧) મહેશ રાજન્ના પોન્નુચેટી ઉ.વ.૩૭ ( તાડીની દુકાન), (૨) પ્રકાશ ઉર્ફે પપ્પુ ગોપવાણી ઉ.વ.૪૫(કેમીકલ ફેકટરી), (૩) તીરૂપતી શંકર એંગોલપુ ઉ.વ. ૪૨ ( તાડીનો વેપાર)ની ધરપકડ કરી અત્રે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ત્રણ આરોપીઓ પૈકી પ્રકાશ ઉર્ફે પપ્પુ અને મહેશ પોન્નુચેટી સામે ગુનાઓ નોંધાયેલા હોવાનું પીઆઈ એ.બી.જાડેજાએ જણાવ્યુ છે.



રિપોર્ટરઃ સંજય વાળા-ધારી

ધારી તાલુકાની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા આવી કડકડતી ઠંડીમાં ધારી અને ધારી ની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં ગરમ ધાબળાનુ વિતરણ કરતા બજરંગ ગ્રુપ કાર્યકર્તા આ ગરમ ધાબળા ના દાતા શ્રીમતી અ. સૌ. નીરૂબેન ધીરુભાઈ માધવાણી (મુંબઈ) જે દર વર્ષે ચશ્મા. ગરમધાબળા. છાશકેન્દ્ર મા દાતા ઉદાર હાથે દાન આપી બજરંગ ગ્રુપને સહયોગ આપેછે તો આ તકે બજરંગ ગ્રુપ પરિવાર તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

# ધરાઈમાં બાલમુકુંદજીના આંગણે મનોરથનું તા. ૨૯થી ૧ સુધી મનોરથનું આયોજન

આથી સર્વ વૈષ્ણવ પરિવાર ને જણાવવાનું કે. તારીખ ૨૯/૧૨/૨૦૨૪ ને રવિવાર થી તારીખ ૧/૧/૨૦૨૫સુધી અલૌકિક મનોરથ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૮૪ મહાપ્રભુજીની બેઠકજી દર્શન ચૂંદડી મનોરથનાં દર્શન શ્રી ગુંસાઈજી સાત લાલનનાં દર્શન કીર્તન આરાધનાનાં દર્શનનો અદભુત મનોરથ કરવમાં આવશે આ બધાં મનોરથ નાં મનોરથી બનવા સેવાનાં વારા વાળા મુખ્યાજી જયેશ ભાઈનો સંપર્ક કરશો. શ્રી બાલમુકુંદજી પ્રભૂનો ભવ્ય મનોરથ સાથે શ્રી ગીરીરાજજીની/૮૪/બેઠકનાં અદભુત દર્શન અને શ્રીનાથજી બાવા ની અદભુત દર્શન લેવાનો અવસર ધરાઈ શ્રી બાલમુકુંદ જીનાં આંગણે ધરવામાં આવશે આં મનોરથનાં મનોરથી બનવા સેવા સામગ્રી ધરાવવા માટે સેવાનાં વારા વાળા મુખ્યાજી જયેશ ભાઈ નો સંપર્ક કરવો ધરાઈ નાં આંગણે પહેલી વાર ત્રિલોકી દર્શનનો અવસર પ્રાપ્ત થશે વિશેષ માહિતી માટે મુખ્યાજી જયેશ ભાઈનો સંપર્ક કરવા જણાવાયું છે.

# કાલાવડ શહેર કોંગ્રેસ ચૂંટણી સમિતિની મીટીંગ યોજાઈ



રિપોર્ટરઃ તુષાર વાદી

કાલાવડ, તા. ૨૨ઃ કાલાવડ સર્કિટ હાઉસ મુકામે આગામી નગરપાલિકા ચૂંટણી અનુસંધાને કાલાવડ શહેર કોંગ્રેસની ચૂંટણી સમિતિની મિટિંગ મળેલ જેમાં જામનગર જીલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શ્રી મનોજભાઈ કથીરિયા, નગરપાલિકા ચૂંટણી ઈન્ચાર્જ શ્રી જીવણભાઈ કુંભરવડિયા, કાલાવડ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મેહુલભાઈ સોજીત્રા,તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી દીપકભાઈ વસોયા, જીલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જે.ટી.પટેલ, જીલ્લા કોંગ્રેસના મહામંત્રી દેવદાનભાઈ જારીયા,જીલ્લા પંચાયતના વિરોધ પક્ષ નેતા જે.પી.મારવીયા, શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ અને સિનિયર એડવોકેટ સાજીદભાઈ બ્લોચ તેમજ નોટરી વકીલ હનીફભાઈ ધાડા સેવાદળના પ્રમુખ ચેતનભાઈ ડેસીયા ઓબીસી વિભાગના પ્રમુખ મૂળજીભાઈ પ્રજાપતિ,લઘુમતિ સેલના પ્રમુખ જીકરબાપુ કાદરી,એસી વિભાગના ચેરમેન શ્રી રવિભાઈ શુકલ,યુથ કોંગ્રેસના મહામંત્રી પટેલ ધૃવિલભાઈ તળપદા કાલાવડ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ વકીલ યાસ્મીનબેન મોવર અને તાલુકા મહિલા પ્રમુખ રમાબેન દેગડા આ ચૂંટણી લક્ષી મિટિંગમાં હાજર રહેલ અને ગહન ચર્ચા કરવામાં આવી.

## સલાયા વાઘેરવાસ તાલુકા શાળામાં ધ્યાન દિવસ નિમિતે યોગ કાર્યક્રમ



સલાયા વાઘેરવાસ તાલુકા શાળામાં આજરોજ ૨૧ ડિસેમ્બરે ધ્યાન દિવસ નિમિતે બાળકોમાં જાગૃતિ લાવવા યોગ કરવામાં આવ્યા હતા. તેમજ ધ્યાન ધરી અને મનને એકાગ્ર રાખવાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો તેમજ શિક્ષક ગણે ભાગ લીધો હતો. આ યોગ અને ધ્યાન કરાવવા માટે યોગ શિક્ષક શ્રી અમિત ગોહેલ આવ્યા હતા. તેમજ આ તકે સલાયા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી લાલજીભાઈ ભૂવાએ પણ હાજરી આપી યોગાભ્યાસ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શ્રી કેતનભાઈ રાઠોડ તેમજ મદદનીશ શિક્ષક શ્રી નવનીતભાઈ વણકર તથા સ્ટાફે જહેમત ઊઠાવી હતી.

# ૩.૯૦ કિલો ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

મોરબીઃ માળિયાની માલાણી શેરીના મકાનમાં રેડ કરી એસઓજી ટીમે ૩ કિલો ૯૩૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈને ગાંજો, મોબાઈલ સહિત ૪૪ હજારથી વધુનો મુદામાલ જપ્ત કર્યો છે, અન્ય એક આરોપીનું નામ ખુલ્યું છે. મોરબી એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન માલાણી શેરીમાં રહેતા વલીમોહમદ શેરમોહમદ મોવરના મકાનમાં ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની બાતમી મળતા ટીમે રેડ કરી હતી. જ્યાં આરોપીના મકાનમાંથી ગાંજાનો જથ્થો વજન ૩ કિલો ૯૩૦ ગ્રામ કિંમત રૂા. ૩૯,૩૦૦ મળી આવતા પોલીસે ગાંજો અને મોબાઈલ કિંમત રૂા. ૫૦૦૦ તેમજ અદાહાર કાર્ડ અને ગાંજો ભરવા માટે ઉપયોગમાં લીધેલ રેક્જીનનો કાળા કલરનો થેલો સહિત કુલ રૂા. ૪૪,૩૦૦ નો મુદામાલ કબજે લીધો છે.એસઓજી ટીમે ગાંજા સહિતના મુદામાલ સાથે આરોપી વલીમોહમદ મોવરને દબોચી લીધો છે. જે જથ્થો સુરત રહેતા અસ્લમ રફીક માણેક પાસેથી મેળવ્યાની કબુલાત આપતા માળિયા પોલીસ મથકમાં એન.ડી.પી.એસ એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ ચલાવી છે.

ॐकारा

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુન:ઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**દરેક સંબંધનું આયુષ્ય એ બાબત ઉપર આધાર રાખે છે કે, તેનામાં ધીરજ, સહનશક્તિ અને સંબંધ સાચવવાની ખેલદિલી કેટલી છે.**

**ધૈર્યપૂર્વક જીવીએ, કર્મો પ્રત્યે સજાગ રહીએ..**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline




Magnificent
4 BHK Flats & Penthouses

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

KALAVID

SAPPHIRE GOLD

Project By JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper












ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062